અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ જુલાઈ ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૦
વર્ષ : ૧૫
અંક : ૩૪૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જમ્મુ-કાશ્મીરમાંથી પાકિસ્તાનના ષડયંત્રનો પર્દાફાશ થયો

## આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ત્રાસવાદીઓના લોન્ચ પેડ સક્રિય

### લોન્ચ પેડ આતંકવાદી સંગઠનોએ પાકિસ્તાનની મદદથી મટ્ટેવાલા, હેડમરલા, સહંશામાં બનાવ્યા : પાકિસ્તાન આતંકવાદીઓને કાશ્મીરમાં મોકલી રહ્યું છે

। (એજન્સી) જમ્મ, તા.૧૫ ।

પાકિસ્તાન પોતાની નાપાક હરકતો ઓછી કરતુ નથી. છેલ્લા કેટલાક દિવસોથી સરહદેથી ઘૂસણખોરો સતત ભારતીય સરહદમાં ઘૂસીને આતંકવાદી કૃત્યો કરી રહ્યા છે. તાજેતરના દિવસોમાં ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરમાં ઘણા આતંકવાદીઓને ઠાર કર્યા છે. આમ છતાં સરહદ પારથી ઘૂસણખોરી ચાલુ રહેવા પામી છે. આંતરરાષ્ટ્રીય સરહદ હોય કે નિયંત્રણ રેખા, પાકિસ્તાન ચારે બાજુથી આતંકવાદીઓને કાશ્મીરમાં મોકલી રહ્યું છે. દરમિયાન, ભારતીય ઈન્ટેલીજન્સ એજન્સીને માહિતી મળી છે કે, પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા જીૈંએ ફરી એકવાર આતંકવાદીઓની વ્યાપક ઘૂસણખોરી કરવા માટે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આતંકવાદીઓના લોન્ચ પેડ્સ સક્રિય કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ લૉન્ચ પેડ આતંકવાદી સંગઠનોએ પાકિસ્તાનની મદદથી મટ્ટેવાલા, હેડમરલા, સહંશામાં બનાવ્યા છે.



હકીકતમાં, પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના આકાઓ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છે. આ માટે આતંકવાદી છાવણીઓ પણ બનાવવામાં આવે છે. જ્યાં યુવાનોને તાલીમ આપવામાં આવે છે. હાલમાં જમ્મુ ડિવિઝનમાં લગભગ ૫૦ આતંકવાદીઓ સક્રિય છે. જેમાંથી મોટાભાગના આતંકવાદીઓ એફટી એટલે કે વિદેશી આતંકવાદીઓ હોવાનું કહેવાય છે. ભારતીય સેના આતંકવાદીઓને ખતમ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. કાશ્મીર ખીણની સાથેસાથે જમ્મુ ડિવિઝનના અલગ-અલગ જિલ્લામાં સેના અને સુરક્ષા દળો દ્વારા સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, જેથી આતંકવાદીઓને જલદીથી ખતમ કરી શકાય.

ઉલ્લેખનિય છે કે ૧૪ જુલાઈએ જમ્મુ-કાશ્મીરના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ત્રણ આતંકવાદીઓને સેનાએ ઠાર માર્યા હતા. તેમની પાસેથી ઘાતક હથિયાર અને અન્ય શસ્ત્ર સામગ્રી પણ મળી આવી છે. ભારતમાં ઘૂસી આવેલા અન્ય આતંકવાદીઓને શોધવા માટે સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.

વધુમાં ૮ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, કઠુઆના બદનોટા વિસ્તારમાં સશસ્ત્ર આતંકવાદીઓના એક જૂથે સૈન્ય વાહન પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ભારતીય સેનાના ૫ જવાન શહીદ થયા હતા, જ્યારે ૮ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ઈમરાન ખાનની પાર્ટી PTI પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય

। ઇસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. પાકિસ્તાન સરકારે આજે સોમવારે ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ(PTI) પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારે કહ્યું કે, 'પાકિસ્તાન સરકાર દેશ વિરોધી પ્રવૃત્તિઓના આરોપમાં જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પર પ્રતિબંધ લગાવશે.' ૭૧ વર્ષના ઈમરાન ખાનને બે કેસમાં જેલની સજા થઈ છે.

### વિક્રમ મિસરી બન્યા ભારતના નવા વિદેશ સચિવ

। નવી દિલ્હી, તા.૧૫ ।

વરિષ્ઠ રાજદ્વારી વિક્રમ મિસરીએ આજે ભારતના નવા વિદેશ સચિવ તરીકે કાર્યભાર સંભાળી લીધો. ૧૯૮૯ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી મિસરીએ વિનય ક્વાત્રાનું સ્થાન લીધું હતું. ૭ નવેમ્બર ૧૯૬૪ના રોજ શ્રીનગરમાં જન્મેલા વિક્રમ મિસરીને ચીન બાબતોના નિષ્ણાત માનવામાં આવે છે.મિસરીએ એવા સમયે મહત્વપૂર્ણ પદ સંભાળ્યો છે જ્યારે ભારત પૂર્વી લદ્દાખ સરહદ વિવાદને પગલે ચીન સાથેના તેના ખરાબ સંબંધો સહિત જુદી જુદી વિદેશ નીતિ સામેના પડકારોનો સામનો કરી રહ્યું છે.

### દેવી-દેવતાઓની મૂર્તિ હોવાનો દાવો

## ભોજશાળા પર ASIએ ૨૦૦૦ પાનાનો રિપોર્ટ HCમાં રજૂ કર્યો

। (એજન્સી) ભોપાલ, તા.૧૫ ।

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) વિભાગે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં આજે સોમવારે ધારની ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલનો સર્વે રિપોર્ટ રજૂ કર્યો છે. ASI એડવોકેટ હિમાંશુ જોશીએ કહ્યું કે, ૨૦૦૦ પાનાનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. ASIએ ૨૨ માર્ચથી સર્વે શરૂ કર્યો હતો, જે ૯૮ દિવસ સુધી ચાલ્યો હતો. હિન્દુ પક્ષના અરજદારે દાવો કર્યો છે કે, ASI સર્વે દરમિયાન ભોજશાળામાંથી દેવી-દેવતાઓની મૂર્તિઓ મળી આવી છે. બીજી તરફ, હિન્દુ પક્ષે સુપ્રીમ કોર્ટ પાસે વહેલી સુનાવણીની માંગ કરી હતી અને MP હાઈકોર્ટ દ્વારા સુનાવણી પરના પ્રતિબંધ સામે વહેલી સુનાવણીની માંગ કરી હતી. હિન્દુ સમુદાય ભોજશાળાને વાગદેવી (દેવી સરસ્વતી)ના મંદિર તરીકે માને છે, જ્યારે મુસ્લિમ પક્ષ આ ૧૧મી સદીના સ્મારકને કમલ મૌલા મસ્જિદ કહે છે. આ સંકુલ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા સુરક્ષિત છે. સુપ્રીમ કોર્ટે આશ્વાસન આપ્યું છે કે, તે આ મામલાની તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે, ૧ એપ્રિલે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટની ઈન્દોર બેંચ દ્વારા વધુ સુનાવણી પર રોક લગાવી દીધી હતી. જોકે ASI સર્વેને લીલી ઝંડી આપવામાં આવી હતી. અરજીકર્તાના વકીલ વિષ્ણુ જૈને કોર્ટને જણાવ્યું હતું કે, હવે ASIનો રિપોર્ટ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી કરવી જોઈએ. 'હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ' નામના સંગઠનની અરજી પર મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૧૧ માર્ચે ASIને ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી ASIએ ૨૨ માર્ચથી આ વિવાદિત સંકુલનો સર્વે શરૂ કર્યો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૨ જુલાઈએ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ ASIએ સર્વે રિપોર્ટ સબમિટ કરવા માટે ચાર સપ્તાહનો સમય વધારવાની માંગણી કરી હતી. મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૧૦ દિવસનો સમયગાળો આપ્યો હતો અને ૧૫ જુલાઈ સુધીમાં સર્વે રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ કર્યો હતો. ભોજશાળા મુક્તિ યજ્ઞના સંયોજક ગોપાલ શર્મા, જે સર્વેક્ષણ દરમિયાન હિન્દુઓના પ્રતિનિધિ તરીકે હાજર હતા, તેમણે દાવો કર્યો હતો કે ASIને ભગવાન શિવની પૌરાણિક મૂર્તિઓ અને 'વાસુકી નાગ' (સાત માથાવાળા સાપ) સહિત અનેક પુરાતત્વીય અવશેષો મળ્યા છે. સર્વેક્ષણ દરમિયાન, અસંખ્ય શિલ્પો, બંધારણો, સ્તંભો, દિવાલો અને ભીંતચિત્રો સહિત ૧,૭૦૦થી વધુ કલાકૃતિઓ ઉજાગર થઈ હતી.

### જામીન અરજીની સુનાવણી ટળી

## ભ્રષ્ટાચારના કેસમાં હજુ પણ જેલમાં બંધ રહેશે કેજરીવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



કથિત દિલ્હી લિકર પોલિસીમાં મની લોન્ડ્રિંગના કેસમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં આજે દિલ્હીની હાઈકોર્ટમાં સુનાવણી થવાની હતી. જો કે કોર્ટે સુનાવણી ટાળી દીધી છે. રાઉઝ એવન્યૂ કોર્ટ દ્વારા કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં કોર્ટમાં અરજી કરાઈ હતી. કોર્ટે આગામી સુનાવણી સાતમી ઓગસ્ટે હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા હાઈકોર્ટે કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી. ગત અઠવાડિયે સુપ્રીમ કોર્ટે ઈઢના કેસમાં કેજરીવાલને વચગાળાના જામીન મંજૂર કર્યા હતા, જોકે તેઓ હજુ પણ જેલમાં બંધ છે, કારણ કે તેમના વિરુદ્ધ ઝ્રમ્ૈં દ્વારા દિલ્હી લિકર કૌભાંડ કેસમાં કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. કેજરીવાલના વકીલે દિલ્હી હાઈકોર્ટમાં દલીલ કરી છે કે, સુપ્રીમ કોર્ટને આદેશ છે, તેથી તેમને વચગાળાના જામીન અપાયા છે. તેમણે કોર્ટમાં એવું પણ કહ્યું કે, ઈડીએ ગઈકાલે રાત્રે ૧૧.૦૦ કલાકે નવો જવાબ દાખલ કર્યો છે, તેથી અમારે વધુ સમય જોઈએ. કેજરીવાલના વકીલે સમય માંગ્યો છે. આ જ કારણે કોર્ટે આગામી સુનાવણી છ ઓગસ્ટ સુધી સ્થગિત કરી છે અને હવે સાતમી ઓગસ્ટે સુનાવણી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા કેજરીવાલે ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી ઈડીની અરજી મુદ્દે જવાબ દાખલ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ ઈડી દ્વારા જાસૂસીનો શિકાર બન્યા છે.

### કર્ણાટકના ડેપ્યુટી સીએમ શિવકુમારને મોટો ઝટકો

## સુપ્રીમ કોર્ટે CBI તપાસને રદ કરવાની અરજી ફગાવી

। (એજન્સી) કર્ણાટક, તા.૧૫ ।



સુપ્રીમ કોર્ટે સોમવારે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારને ઝટકો આપ્યો છે. શિવકુમારની અપ્રમાણસર સંપત્તિના કથિત કેસમાં સીબીઆઈ દ્વારા તેમની સામે નોંધાયેલા કેસને રદ કરવાની માંગ કરી હતી તે અરજીને કોર્ટે ફગાવી દીધી છે. એવા અહેવાલ છે કે શિવકુમારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસ સામે વાંધો ઉઠાવ્યો હતો અને સુપ્રીમ કોર્ટને તપાસ સમાપ્ત કરવાની માંગ કરી હતી. જો કે તેમની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો જસ્ટિસ બેલા ત્રિવેદી અને જસ્ટિસ એસસી શર્માની બેન્ચે કહ્યું કે તેઓ કર્ણાટક હાઈકોર્ટના આદેશમાં દખલગીરી કરવા તૈયાર નથી, તેથી શિવકુમારની અરજી ફગાવી દેવામાં આવે છે.

## બે પોલીસકર્મીઓએ નોઈડામાં દારૂ પીને મચાવ્યો ભારે આતંક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

નોઈડા શહેરમાં સ્થિત ગાર્ડન ગેલેરિયા મોલમાં ફાયરિંગનો મામલો પ્રકાશમાં આવ્યો છે. અહીં બે કોન્સ્ટેબલોએ ફાયરિંગની ઘટનાને અંજામ આપ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે બંને કોન્સ્ટેબલ કોઈ ખાનગી કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોલમાં આવ્યા હતા. આ દરમિયાન તેઓ નશામાં હતા. આ દરમિયાન એક કોન્સ્ટેબલ મુકુલે સરકારી હથિયારથી ગોળીબાર કર્યો હતો. જો કે ફાયરિંગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મોલમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. હાલ પોલીસે બંનેની ધરપકડ કરી લીધી છે અને બંનેને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે.

વાસ્તવમાં, આ સમગ્ર ઘટના નોઈડાના સેક્ટર-૩૮ સ્થિત ગાર્ડન ગેલેરિયા મોલની છે. મામલાની માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના રવિવારે રાત્રે સેક્ટર-૩૮ સ્થિત ગાર્ડન ગેલેરિયા મોલમાં બની હતી. ગાઝિયાબાદ જિલ્લાના ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશનમાં તૈનાત કોન્સ્ટેબલ ધીરજ કુમાર અને મુકુલ યાદવ અહીં કોઈ ખાનગી કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યા હતા. સહાયક પોલીસ કમિશનર (નોઈડા) પ્રવીણ કુમાર સિંહે જણાવ્યું કે બંને કોન્સ્ટેબલો પાસે સરકારી હથિયારો હતા. તેમણે જણાવ્યું કે કથિત રીતે દારૂ પીધા બાદ મુકુલે સરકારી હથિયારથી ગોળીબાર કર્યો હતો. પોલીસનું કહેવું છે કે ફાયરિંગની આ ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી નથી. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર પ્રવીણ કુમાર સિંહના જણાવ્યા અનુસાર આ ઘટના બાદ મોલમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી અને બંને આરોપી કોન્સ્ટેબલ સ્થળ પરથી ભાગી ગયા હતા.

### હવેથી આવી કોઈ PIL આવશે તો...

## CJI ચંદ્રચુડે વકીલને ઠપકા સાથે ચેતવણી આપી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



સુપ્રીમ કોર્ટમાં ઘણીવાર કોઈને કોઈ રસપ્રદ મામલો બહાર આવે છે. સોમવારે પણ આવો જ એક મામલો કોર્ટમાં આવ્યો હતો, જેના પર ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે ચેતવણી આપી હતી. CJIએ વકીલને કહ્યું કે, જો આગલી વખતે આવી PIL આવશે તો તેઓ કાર્યવાહી કરશે. હકીકતમાં, એક વકીલે PIL દાખલ કરી હતી, જેના પર CJIએ વકીલને પૂછ્યું કે, આખરે અમારે આના પર શા માટે સુનાવણી કરવી જોઈએ. તે અહીં જ અટકયા નહીં, પરંતુ તેમણે આગળ કહ્યું કે, તમે દર અઠવાડિયે કોઈને કોઈ PIL લઈને આવો છો. સરકારે જે કરવું હશે તે કરશે. આ પછી ચીફ જસ્ટિસે આ PIL ફગાવી દીધી હતી. આ પછી વકીલે CJI સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો. તેમણે કહ્યું કે, નિઠારી હત્યા કેસને લઈને આ PIL ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પછી CJI ચંદ્રચૂડ ગુસ્સે થઈ ગયા.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



# ફાઇનાન્સ ક્ષેત્રે કાર્યરત અમદાવાદના ચંદ્રકાંતભાઈ પટેલ શ્રમજીવીઓના બાળકોને વિદ્યાદાન આપે છે

## ચંદ્રકાંતભાઈ વર્ષ-૨૦૨૦થી વિવિધ કન્સ્ટ્રક્શન સાઇટ પર જઈને શ્રમજીવીઓના બાળકોને શિક્ષણ આપે છે







| શ્રુતિ પ્રસન્ન જૈન (માહિતી) અમદાવાદ, તા.૧૫ |

ભારતના બંધારણ પ્રમાણે શિક્ષણ એ દરેક બાળકને મળવાપાત્ર મૂળભૂત અધિકાર છે અને આ વાતને સાર્થક કરે છે અમદાવાદના એક વ્યક્તિ શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ. જેઓ પોતે ફાઈનાન્સ ક્ષેત્રે કાર્યરત છે અને કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા શ્રમજીવીઓના બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપે છે. વર્ષ ૨૦૧૯ માં તેમણે પોતાની સ્ટાર એચિવર્સ એજ્યુકેશન હેલ્પિંગ હેન્ડ ફાઉન્ડેશનની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૨૦ થી ચંદ્રકાંત પટેલ અમદાવાદમાં ચાલતી વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર જઈને ત્યાં રહેતા અને કામ કરતા શ્રમજીવીઓના બાળકોને શિક્ષણ આપે છે. ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, તેમણે શરૂઆત ફૂડ વિતરણ અને કપડા વિતરણથી કરી હતી. કન્સ્ટ્રક્શન સાઈટ પર શ્રમજીવીઓના બાળકોને જોઈને તેમને બાળકોને અભ્યાસ કરાવવાનો વિચાર આવ્યો. આ બાળકો અભ્યાસ માટે ક્યાંય જતા નથી. આ બાળકો કન્સ્ટ્રક્શન સાઈટ પર જ તેમના માતા-પિતા સાથે જ રહે છે.

ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, સાઈટ પર કામ કરતા મજૂરોના બાળકોને ભણાવવા એટલા સહેલા નથી હોતા. આ બાળકોના માતા પિતા સહેલાઈથી તેમને ભણાવવાની પરવાનગી પણ આપતા નથી. પરંતુ ચંદ્રકાંતભાઈ અને તેમની ટીમે હાર ના માનતા કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેલા બાળકોના માતા પિતાને સમજાવે છે અને તેમને રાજી કરે છે. એટલું જ નહીં તેઓ બાળકોના માતા પિતા સાથે દર અઠવાડિયે મીટીંગ યોજે છે અને તેમને તેમના બાળકની પ્રગતિ વિશે જણાવે છે. ચંદ્રકાંતભાઈ પટેલ તેમની ટીમ સાથે સાઈટ પર રહેલા બાળકોને સવારથી નાસ્તો તથા બપોરનું ભોજન પણ પુરું પાડે છે. તેઓ તેમના ક્લાસની શરૂઆત પ્રાર્થનાથી કરે છે.

હાલમાં ચંદ્રકાંતભાઈ પટેલ ૧૦ બાળકોને સાચવે છે. આ બાળકોની તમામ જરૂરિયાતો ચંદ્રકાંતભાઈ પટેલની એનજીઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. તથા આ બાળકોની રહેવાની સુવિધા પણ આ એનજીઓ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવી છે. આ ૧૦ બાળકો ગાંધીનગરની શ્રી જનત કુમાર ભાગુભાઈ પ્રાથમિક વિદ્યાલયમાં અભ્યાસ કરે છે એટલું જ નહીં આ બાળકો માટે આ એનજીઓ દ્વારા પ્રાઈવેટ ટ્યુશનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ દસ બાળકો માટે ચંદ્રકાંતભાઈ તેમના પિતા સમાન છે. ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, છેલ્લા વર્ષે આ બાળકોએ સારા માર્કસ લાવીને તેમનું માન વધાર્યું છે.

અંતે ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, આ બાળકો માટે તેમણે આગળના ૧૫ વર્ષ વિચારીને રાખ્યા છે. આ તમામ બાળકોને તેઓ આગળ કાંઈક ને કાંઈક બનાવવા માંગે છે. ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, આ કાર્યમાં તેમના પત્ની અને તેમનો પરિવાર પણ તેમને સહયોગ કરે છે.

### નવસારી શહેરમાં ૭૦% કારખાના ખુલી શક્યા નથી

# હીરા ઉદ્યોગ પર યુદ્ધનું ગ્રહણ યથાવત્, ૭૦ ટકા લોકો રોજગારીની રાહમાં

| (પ્રતિનિધી) નવસારી, તા.૧૫ |

દક્ષિણ ગુજરાતમાં સુરત બાદ નવસારીને પોલીશ ડાયમંડ માટે મહત્વનું સેન્ટર માનવામાં આવે છે. ખાસ કરીને નવસારી જિલ્લાને જીણા અને પોલકી ડાયમંડનું હબ માનવામાં આવે છે. નવસારીમાં મોટી સંખ્યામાં લોકો હીરા ઉદ્યોગ દ્વારા રોજગારી મેળવે છે. હાલ અનેક કારણોસર નવસારીના હીરા ઉદ્યોગ ઉપર માઠી અસર પહોંચી છે. છેલ્લા થોડા વર્ષોથી હીરા ઉદ્યોગને મંદીને કારણે ઝાંખપ લાગી છે. ત્યારે મંદીના વાદળો ઘેરાતા હીરા ઉદ્યોગ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યો હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

ભારતમાં અને વિશ્વમાં હીરાના કટીંગ એન્ડ પોલીસ માટે મહત્ત્વના શહેર સુરતના પાડોશી નવસારી જિલ્લામાં પણ ડાયમંડ કટીંગ એન્ડ પોલીસિંગ કરવામાં આવે છે. સુરતની સરખામણીએ નવસારીમાં જીણા હીરાનું કામ વધુ થાય છે. છેલ્લા લાંબા સમયથી નવસારીનો હીરા ઉદ્યોગ મંદી હેઠળ આવ્યો છે. એક તરફ રફના વધેલા ભાવ તો, બીજી તરફ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોલીસ હીરાના ઓછા ભાવે માંગવામાં આવે છે. જેને કારણે વેપારીઓ કોઈ રફની ખરીદી અટકાવવા સાથે પોલીસ માલને પણ વેચવાનું ટાળ્યું છે. મે ૨૦૨૪નું વેકેશન પૂર્ણ થયા બાદ પણ નવસારી શહેરમાં આશરે ૭૦% કારખાના ખુલી શક્યા નથી. હીરા ઉદ્યોગ પર યુદ્ધનું ગ્રહણ યથાવત્, ૭૦ ટકા લોકો રોજગારીની રાહમાંહીરા ઉદ્યોગમાં દિવાળી અને વેકેશન ગાળો મહત્ત્વનો હોય છે. આ ક્ષેત્રમાં કામ કરતા કારીગરો પોતાના વતને જઈને હળવાશ અનુભવે છે. મોટાભાગે આ વેકેશન ૧૫થી ૨૦ દિવસનું હોય છે. પરંતુ, મંદીને જોતા આ વખતનું વેકેશન બે મહિના સુધી લંબાયુ છે. નવસારી જિલ્લામાં ૧૮૦ જેટલા કારખાના છે. જેમાં ૧૭ થી ૧૮ હજાર રત્ન કલાકારોની રોજગારી નભે છે. પરંતુ રશિયા, યુક્રેન વચ્ચે કાર્યરત આંતરરાષ્ટ્રીય યુદ્ધના કારણે નવસારી જિલ્લામાં મંદીના વાદળો ઘેરાયા છે. જેને કારણે વેકેશન લંબાયુ છે.

અહીંના વેપારીઓને હીરાની રફ પોસાય તેવા ભાવે મળતી નથી. જો કદાચ વેપારીઓ રફ ખરીદી પણ લે તો,પોલીસ થયેલા હીરાઓ તેમના પાસેથી ઓછા ભાવે માંગવામાં આવે છે. જેથી વેપારીઓને પડ્યા પર પાટું જેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ અંગે નવસારી ડાયમંડ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ કમલેશ માલાણી જણાવે છે કે, આંતરરાષ્ટ્રીય દેશોમાં યુદ્ધની સ્થિતિ હજુ પણ યથાવત રહેતા તેની સીધી અસર વેપાર ધંધા ઉપર જોવા મળી રહી છે.

### આણંદમાં એક ભયાનક માર્ગ અકસ્માત

# ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અથડામણમાં ૬ લોકોના મોત

| (એજન્સી) આણંદ, તા.૧૫ |

આણંદ જિલ્લામાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય આઠ લોકો ગંભીર રીતે ઘાયલ છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.





આણંદ જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. અહીં, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચેની અથડામણમાં છ લોકોના મોત થયા છે, જ્યારે આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, આ લક્ઝરી બસ મહારાષ્ટ્રથી રાજસ્થાન જઈ રહી હતી ત્યારે આણંદ નજીક એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે ૪.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રણ લોકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોને આણંદની જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.જ્યારે આ અકસ્માત થયો ત્યારે લક્ઝરી બસ પંચર થઈ ગઈ હતી અને હાઈવેની બાજુમાં ઉભી હતી. પાછળથી આવતી ટ્રકે બસને ટક્કર મારતાં ડ્રાઈવર, ક્લીનર અને મુસાફરો બસની નીચે ઊભા હતા. આ ભયાનક અકસ્માતમાં છ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હાઈવે પર અકસ્માતના સમાચાર મળતાની સાથે જ આણંદ ફાયર બ્રિગેડ, એક્સપ્રેસ હાઈવે પેટ્રોલિંગ ટીમ અને આણંદ ગ્રામ્ય પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મુસાફરોને બચાવીને હોસ્પિટલ લઈ ગયા હતા.

# ગાંધીનગર પોલીસે બે આરોપીઓને ઝડપી પાડયા

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ |

ગાંધીનગરમાં જમીનની વધતી કિંમતો હવે જમીન કૌભાંડ અને જમીન કૌભાંડ કરતાં લોકોની સંખ્યા વધારી રહી છે જેની લાલચમાં હવે ગાંધીનગરના દહેગામના જુના પહાડિયા ગામના અમુક લોકો એ આખા ગામનો સોદો કરી નાખ્યો હતો. આ લોકોએ ધ્વારા ગામ વેચી દેવાનું હોવાની ઘટના બાદ આજે ગાંધીનગર LCB- લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપીઓની ધડપકડ કરી છે. તારીખ ૧૩ મી જૂનના રોજ જુના પહાડિયા ગામના પૂર્વે મૂળ જમીન માલિક રહેલા અમુક લોકો દ્વારા જમીનના દલાલો સાથે મળીને ખોટા પુરાવા રજૂ કરીને ગામને વેચી મારવાનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં પોલીસ ફરિયાદ દાખલ થતાં તપાસ કરવામાં આવી અને ૨ જેટલા લોકોની લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી લીધી અને અન્ય આરોપીઓની તપાસ ચાલુ કરી દીધી છે. ગાંધીનગર જમીન કૌભાંડ મુદ્દે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના દિવાનસિંહ વાળાએ જણાવ્યું કે આ કેસ મુદ્દે ગાંધીનગર LCB તપાસ કરી રહી છે. જેમાં આજે બે આરોપીઓની ધરપકડ કરી છે અને તેમના આજે ગાંધીનગર કોર્ટ ખાતે રિમાન્ડ માંગવામાં આવશે. આ સિવાયના ૫ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે જેઓ હાલ ફરાર છે.

ગાંધીનગર પોલીસના DYSP એસ એમ ચૌધરીએ જણાવ્યું કે આ ગુનો રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવ્યો છે જેમાં જુના પહાડિયા ગામ તે ગામની જગ્યા વેચી મારવાનો ગુનો દાખલ થયેલો જેમાં દહેગામના સબ રજિસ્ટ્રાર મારફતે ફરિયાદ દાખલ થઈ હતી. આ જમીન વારસદારોમાં ત્રીજી પેઢીના અને ખરીદનાર આરોપીઓ ભેગા મળીને જે જગ્યાએ ગામ વસેલું છે એના કરતાં તદન અલગ જગ્યાના ફોટા રજૂ કરી કૌભાંડ કરેલું છે. વેચનાર છે એ પૈકીના વિનોદકુમાર ઝાલા અને જયેન્દ્રકુમાર ઝાલાની ધરપકડ થઈ છે અને તપાસ LCB ગાંધીનગરના પોલીસ ઈન્સ્પેકટર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે બે આરોપીઓ ગામના સર્વે નંબરના વારસદારો પૈકીનાં છે, જે તે વખતે ગામ વસ્યું તે ગામ લોકોએ આ જમીન આ લોકો પાસેથી ખરીદી હતી અને તેમના નામ રેકોર્ડ પર ચાલુ હતા તેથી આર્થિક લાભ લેવા આ લોકોએ જમીન વેચી હતી.

# રાજકોટનો યુવક મહિનાથી સાઉથ આફ્રિકામાં બંધક

| (એજન્સી) રાજકોટ, તા.૧૫ |

વિદેશમાં જઈને રૂપિયા કમાવવા સૌ કોઈને ગમતું હોય છે એટલા માટે જ રાજકોટ સહિત દેશભરમાંથી હજારો લોકો વિશ્વના અલગ અલગ દેશોમાં જતા હોય છે અને રૂપિયા કમાતા હોય છે જોકે તો રાજકોટના એક યુવકને વિદેશમાં રૂપિયા કમાવવા જવું મોંઘું પડ્યું છે. યુવકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે તે યુવકને બંધક બનાવ્યો છે અને તેના પરિવાર પાસેથી ૨૨ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી રહી છે. બનાવની વિગતો જોઈએ તો, રાજકોટ શહેરના વાવડી વિસ્તારમાં રહેતો જય કારિયા નામનો વ્યક્તિ હાલ દક્ષિણ આફ્રિકામાં બંધક હોવાનું તેમના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. યુવાન ઉપર ચોરીનો આરોપ લગાવીને પરિવારજનો પાસે ૨૨ રૂપિયાની લાખની માંગણી કરવામાં આવી છે. બંધક યુવકના પરિવારજનોએ એવો પણ દાવો કર્યો હતો કતેમના પુત્રને છોડાવવા માટે એમ્બેસીમાં રજૂઆત કરાઈ છતાં મુક્ત કરવામાં આવ્યો નથી. જય કારિયા દક્ષિણ આફ્રિકાના કિનસાસા વિસ્તારમાં બંધુક હોવાનું સામે આવ્યું છે. બંધક રહેલા યુવકનો વિડીયો પણ સામે આવ્યો છે આ વીડિયોમાં યુવક પોતે પરિવારજનોને અપીલ કરી રહ્યો છે કે જે લોકો પૈસા માગે છે તેમને પૈસા આપી દેવામાં આવે. યુવકના પરિવારજનોએ વધુમાં કહ્યું હતું કે, સરકાર આ મામલે કંઈક હસ્તક્ષેપ કરે અને તાત્કાલિક તેમના પુત્રને છોડાવવામાં આવે.

**વિશેષ** રાજ્યમાં જીએસટી (GST) સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઇડેન્ટિટી વેરીફિકેશનની શરૂઆત

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ આધાર બેઈઝ્ડ આઇડેન્ટિટી વેરીફિકેશન માટેની ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો પ્રારંભ કરાવ્યો

| (માહિતી) અમદાવાદ |

નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ અમદાવાદ ખાતેથી આધાર બેઈઝ્ડ આઈડેન્ટિટી વેરીફિકેશન માટેની ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો શુભારંભ કરાવીને રાજ્યના જીએસટી (GST) સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઈડેન્ટિટી વેરીફિકેશનની શરૂઆત કરાવી હતી.

રાજ્ય કર ભવન, અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાણાં મંત્રીશ્રીએ ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનું અર્થતંત્ર અવિરત વિકાસ પામી રહ્યું છે. ગુજરાત આજે દેશના ગ્રોથ એન્જિન તરીકે સ્થાપિત થયું છે. દેશભરમાં ગુજરાત મોડલની નોંધ લેવાઈ રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં વાત કરતાં નાણાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'વન નેશન, વન ટેકસ, વન માર્કેટ'ના સૂત્રને સાકાર કરતાં જીએસટી કાયદાના અમલીકરણમાં અને તેને વધુને વધુ લોકોપયોગી બનાવવા માટે આપણે હંમેશાં આગળ રહ્યા છીએ. રાજ્યના વેપારીઓએ પણ ખૂબ જ સહજપણે આ નવા જીએસટી કાયદાઓને અપનાવ્યા છે, જેના લીધે રાજ્યમાં જીએસટી રિટર્ન અને જીએસટી રજિસ્ટ્રેશન બંનેમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઈડેન્ટિટી વેરીફિકેશન સેવા વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, આ સેવાની શરૂઆત થતાં નવા નોંધણી નંબર મેળવવા ઈચ્છતા અરજદારોને જીએસટી સેવા કેન્દ્રો ખાતે રૂબરૂ બોલાવીને તેઓના આધાર ઓથેન્ટિકેશન તેમજ તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓની ખરાઈ કરીને નોંધણી નંબર આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. જેથી જીએસટી (GST) નોંધણી સાથે સંકળાયેલી ગેરરીતિઓ અને બોગસ બિલિંગની પ્રવૃત્તિઓને ડામવામાં સફળતા મળશે. અરજદારોને હવે ઝડપથી અને સરળતાથી જીએસટી (GST) નોંધણી નંબર મળશે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે નોંધનીય છે કે, અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા આધાર બેઈઝ્ડ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનને પાઈલોટ બેઈઝ પર રોલ આઉટ કરવા માટે ગુજરાત રાજ્યની પસંદગી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજ્ય કર વિભાગ દ્વારા માત્ર ૭૫ દિવસના ટૂંકા ગાળામાં રાજ્યમાં ૧૨ સ્થળોએ સ્ટેટ ઓફ ધ આર્ટ જીએસટી સેવા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી હતી. જીએસટી સેવા કેન્દ્રો ખાતે અરજદાર પોતાની અનુકૂળતા અનુસાર ટાઈમ સ્લોટ બુક કરાવીને મુલાકાત લઈ શકે છે. જીએસટી સેવા કેન્દ્રો ખાતે અરજદારની જરૂરી સંપૂર્ણ કામગીરી ૨૦ મિનિટથી પણ ઓછા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવે છે. જીએસટીની અમલવારીથી બોગસ નોંધણી નંબરની અરજીઓ પર અસરકારક અંકુશ મેળવવામાં સફળતા મળી છે. રાજ્યમાં નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધીમાં નવી રજિસ્ટ્રેશન અરજીઓમાં ૨૫%નો નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૧૭માં જીએસટીની અમલવારીથી જુલાઈ ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં ટેક્સપેયર બેઝમાં ૧૩૫ ટકાનો માતબર વધારો થયો છે. જ્યારે પાંચ વર્ષના ટૂંકા ગાળામાં રાજ્યની જીએસટી આવક બમણી થઈ છે. જીએસટી (GST) સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝ્ડ આઈડેન્ટિટી વેરીફિકેશનના શુભારંભ પ્રસંગે એડિશનલ ચીફ સેક્રેટરી શ્રી જે.પી.ગુપ્તા (IAS), ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેકસ શ્રી સમીર વકીલ (IRS) સહિત જીએસટી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.








### બે કિલો વજન ઘટાડ્યું : તિહાર પ્રશાસન

# અરવિંદ કેજરીવાલ પોતે ઓછું ખાઈને વજન ઘટાડી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

તિહાર જેલ પ્રશાસને આમ આદમી પાર્ટી (AAP) અને દિલ્હી સરકારના મંત્રીઓના દાવાને આજે સોમવારે ફગાવી દીધો છે કે અરવિંદ કેજરીવાલનું વજન ૮.૫ કિલો ઘટ્યું છે. જેલ પ્રશાસને કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલનું વજન હકીકતમાં માત્ર ૨ કિલો ઘટ્યું છે અને તેમણે આવું જાણી જોઈને કર્યું છે. જેલ પ્રશાસન દ્વારા રવિવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલ પોતે ઓછું ખાઈને વજન ઘટાડી રહ્યા છે.તિહાર પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જ્યારે કેજરીવાલ ૧ એપ્રિલે પહેલીવાર જેલમાં પહોંચ્યા ત્યારે તેમનું વજન ૬૫ કિલો હતું અને ૨૯ એપ્રિલે તેમનું વજન ૬૬ કિલો નોંધાયું હતું. જે દિવસે તે વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા ત્યારે તેમનું વજન ૬૪ કિલો હતું. ૨૧ દિવસ બહાર રહ્યા પછી ૨ જૂને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે તેમનું વજન ૬૩.૫ કિલો હતું. ૧૪ જુલાઈએ તેમનું વજન ૬૧.૫ કિલો હતું. હકીકતમાં તેમનું વજન માત્ર ૨ કિલો ઘટ્યું છે. જેલ પ્રશાસનના અધિકારીઓનું કહેવું છે કે, કેજરીવાલ પોતે જાણીજોઈને વજન ઘટાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે જેલ પરત ફર્યાના બીજા દિવસે એટલેકે ૩ જૂનથી તેઓ ઘણીવાર ઘરેથી લાવેલું ખાવાનું પાછું મોકલી દે છે. સત્તાવાર રીતે જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કેજરીવાલે ૨ કિલો વજન ઘટાડ્યું છે અને તેનું કારણ એ હોઈ શકે છે કે તે ઓછું ભોજન અને ઓછી કેલરીવાળો ખોરાક ખાય રહ્યા છે.



### વિધાનસભા ચૂંટણીના આયોજનની અટકળો

# હેમંત સોરેન ફરી મુખ્યમંત્રી બન્યા બાદ વડાપ્રધાનને મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઝારખંડમાં થોડા મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ દરમિયાન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ફરીથી મુખ્યમંત્રી પદ સાંભળ્યા બાદ દિલ્હીમાં આજે સોમવારે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. હાલમાં જ ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે. જેલમાંથી બહાર આવતાની સાથે જ તેમણે ફરી એકવાર ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, ઝારખંડમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. હવે આ ચૂંટણીની મોસમ વચ્ચે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન દિલ્હી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા છે. બંને નેતાઓની મુલાકાત હવે ચર્ચાનો વિષય બની છે. વડાપ્રધાન કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેને દિલ્હીમાં PM આવાસ પર પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. હેમંત સોરેને પણ પીએમ મોદીને ગુલદસ્તો આપ્યો હતો. બીજી તરફ CM હેમંત સોરેને આ બેઠકને સૌજન્ય મુલાકાત ગણાવી હતી. તેમણે X પર લખ્યું કે,'' વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત થઈ.'' ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમયના બે મહિના પહેલા ઓક્ટોબરમાં યોજાઈ શકે છે. આ સમયે હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જે શેડ્યૂલ હેઠળ આ બે રાજ્યોમાં ચૂંટણી પહેલાની મતદાર યાદીને અપડેટ અને રિવાઈઝ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, તે જ શેડ્યૂલ ઝારખંડમાં પણ અનુસરવામાં આવી રહ્યું છે.

### સોનાની ખરીદીમાં હવે રાહત મળશે

# સોનાના અલગ અલગ ભાવોની ચિંતામાંથી મુક્તિ, વન નેશન, વન રેટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દેશના નાગરિકોને, ખાસ કરીને મહિલાઓને સોનાની ખરીદીમાં હવે રાહત મળશે કેમ કે સરકારે આખા દેશમાં સોનાના એક જ સરખા ભાવ નિર્ધારિત કરવાનું નક્કી કર્યું છે. દેશના અલગ અલગ શહેરોમાં સોના-ચાંદીના ભાવ અલગ અલગ હોય છે, તેને કારણે આ કિમતી ધાતુઓના સાચા ભાવ વિશે હંમેશાં દુવિધા રહ્યા કરે છે. પરંતુ હવે Gold Price Policy અંતર્ગત One Nation, One Rate અર્થાત આખા દેશમાં સોનાના ભાવો એક સરખા રહેશે. સામાન્ય રીતે આ કિમતી ધાતુઓના ભાવ વિવિધ શહેરોમાં અલગ અલગ હોવાનું કારણ જે તે રાજ્યમાં ટેક્સના દરોનો તફાવત હોય છે. જોકે એ સિવાય પણ અન્ય કેટલીક બાબતો ભાવ-નિર્ધારણ કરતી હોય છે. પરંતુ હવે સરકારે એક દેશ, એક ભાવ નીતિ લાગુ કરવા તૈયાર છે, જેને પગલે દેશના કોઈપણ શહેરમાંથી સોનાની ખરીદી એક સરખા ભાવે થઈ શકશે. ભાવ તફાવતને કારણે તેની ખરીદી માટે બીજા શહેર કે બીજા રાજ્યમાં નજર દોડાવવાની જરૂર નહીં પડે. એક દેશ, એક ભાવ નીતિ ભારત સરકારની યોજના છે. સરકારનો આશય એ છે કે આખા દેશમાં સોનાની કિમત એક સમાન હોય. આ યોજનાના અમલ માટે સરકાર રાષ્ટ્રીય સ્તરે એક બુલિયન એક્સચેન્જ બનાવશે. આ રાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ સોનાના ભાવ નક્કી કરશે. ઉદાહરણ તરીકે જે રીતે, શેર બજારમાં કોઈ કંપનીના શેરના ભાવ આખા દેશમાં એક સમાન હોય છે જે ભાવ મુંબઈ શેર બજાર અથવા નેશનલ સ્ટૉક એક્સચેન્જમાં લિસ્ટેડ હોય છે. હાલ સોના-ચાંદીનું ખરીદ-વેચાણ MCX દ્વારા થાય છે, પરંતુ હવે સરાફા બજાર માટે પણ એક અલગ એક્સચેન્જ શરૂ થશે. વાસ્તવમાં આવું એક્સચેન્જ હોવું જોઈએ તેવી માગણી ઘણાં વર્ષથી થઈ રહી છે. આ નવી નીતિ લાગુ થવાથી રાષ્ટ્રીય સ્તરે બુલિયન એક્સચેન્જ જ સોનાના ભાવ નક્કી કરશે.

### મનીષ સિસોદિયાના જામીનનો મામલો

# સિસોદીયાને સુપ્રીમે પહેલા આપ્યો ઝટકો, હવે નીચલી કોર્ટમાંથી પણ ન મળી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હી લિકર પોલિસી કેસમાં જેલમાં રહેલા આમ આદમી પાર્ટી (આપ)ના નેતા મનીષ સિસોદિયાને કોર્ટમાંથી રાહત મળી રહી નથી. પહેલા સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી અને હવે રાઉઝ એવન્યુ કોર્ટે આજે સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૨૨ જુલાઈ સુધી લંબાવી છે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ સિસોદિયાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ મામલે રાઉઝ એવન્યુ કોર્ટમાં આગામી સુનાવણી ૨૨ જુલાઈએ હાથ ધરાશે. મનીષ સિસોદિયા દિલ્હી સરકારમાં આબકારી મંત્રી રહી ચૂક્યા છે. ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ સીબીઆઈએ લીકર પોલીસી કેસમાં તેમની ધરપકડ કરી હતી. જોકે સિસોદિયાએ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ તરત જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તે પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) માર્ચ ૨૦૨૩માં લીકર પોલીસી મુદ્દાને લગતા મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરી હતી. આ રીતે હવે સિસોદિયા વિરૂદ્ધ બંને તપાસ એજન્સીઓ ED અને CBI દ્વારા કેસ ચલાવવામાં આવી રહ્યાં છે. સિસોદિયા જામીન માટે અગાઉ સુપ્રીમ કોર્ટમાં પણ અરજી કરી ચુક્યા છે. આ સિવાય તેમણે નીચલી કોર્ટમાં પણ અરજી કરી હતી. જોકે તેમાં પણ તેમને જામીન મળ્યા નહોતા. આમ આદમી પાર્ટીના નેતાને ન તો દેશની ટોચની કોર્ટમાંથી રાહત મળી રહી છે અને ન તો નીચલી કોર્ટમાંથી. મનીષ સિસોદિયાની જામીન અરજી પર ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની હતી. પરંતુ સુનાવણી બેંચમાં રહેલા જસ્ટિસ સંજય કુમારે અંગત કારણોસર આ કેસમાંથી પોતાને અલગ કરી દીધા હતા.

### મતદાનની આગલી રાત્રે ભારે રાજકીય ડ્રામા થયો હતો

# MVAમાં તણાવને કારણે MLC ચૂંટણીમાં હાર?

## શિવસેના (UBT)ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે ૨૨ પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ચૂંટણી પરિણામો અનુસાર, શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે ૨૨ પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી, જેમાં ઉદ્ધવ જૂથના ૧૫, એક અપક્ષ મતનો સમાવેશ થાય છે, જ્યારે કોંગ્રેસ દાવો કરે છે કે મિલિંદ નાર્વેકરને તેના ૭ મત મળ્યા છે જ્યારે ઉદ્ધવ જૂથનું કહેવું છે કોંગ્રેસને માત્ર ૬ મત મળ્યા છે. મહારાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીઓએ વિરોધ પક્ષ એમવીએના રાજકીય સમીકરણોને મોટો ફટકો આપ્યો છે. ભલે એવું લાગતું હતું કે શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકર કોંગ્રેસના મતોની મદદથી સરળતાથી જીતી ગયા છે, મતદાન પહેલા કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ) વચ્ચે પડદા પાછળ ઘણું રાજકીય નાટક ચાલી રહ્યું હતું. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં એનડીએના મહાગઠબંધનને ૧૧માંથી ૯ બેઠકો મળી છે, જ્યારે ઈન્ડિયા બ્લોકને માત્ર ૨ બેઠકો મળી છે. ચૂંટણી પરિણામો અનુસાર, શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે ૨૨ પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી, જેમાં ઉદ્ધવ જૂથના ૧૫ મત અને એક




અપક્ષ મતનો સમાવેશ થાય છે, જ્યારે કોંગ્રેસ દાવો કરે છે કે મિલિંદ નાર્વેકરને તેના ૭ મત મળ્યા છે જૂથનું કહેવું છે કે નાર્વેકરને કોંગ્રેસમાંથી ૭ નહીં પણ માત્ર ૬ મત મળ્યા છે, તેથી જ તેમના મતોની સંખ્યા ૨૨ થઈ ગઈ છે અને તેઓ બીજા રાઉન્ડમાં ચૂંટણી જીત્યા છે. મળતી માહિતી મુજબ, ઉદ્ધવ જૂથના નેતાઓએ કોંગ્રેસના ભરોસાપાત્ર મતો મેળવવા માટે ઘણી મહેનત કરવી પડી હતી, કારણ કે તેમની પ્રથમ યાદીમાં એવા નામ હતા કે જેના વિશે ઉદ્ધવ જૂથને ડર હતો કે તેઓ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરી શકે છે. જેમાં મોહનરાવ હંબર્ડે, હિરામણી ખોસ્કર, સુલભા ખોડકે, કુણાલ પાટીલ અને શિરીષ ચૌધરી જેવા કોંગ્રેસના ધારાસભ્યોના નામ સામેલ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ નેતાઓ ઉદ્ધવ જૂથના ઉમેદવાર મિલિંદ નાર્વેકરને સમર્થન આપવા કે શરદ પવાર સમર્થિત ઉમેદવાર જયંત પાટીલને સમર્થન આપવાના મુદ્દે બે જૂથોમાં વહેંચાયેલા હતા, જેઓ ખેડૂત અને કામદાર પાર્ટી (PWP) ના નેતા છે. હકીકતમાં, પૃથ્વીરાજ ચવ્હાણ, બંટી પાટીલ, નસીમ ખાન અને કોંગ્રેસના નાના પટોલેએ ઉદ્ધવ જૂથને ટેકો આપ્યો હતો અને ઉદ્ધવ જૂથને જરૂરી ૭ મતો આપ્યા હતા, જ્યારે વિજય વડેટ્ટીવાર અને કોંગ્રેસના બાલાસાહેબ થોરાટ એનસીપી (એસપી)ની તરફેણમાં હતા. જેના કારણે ઉદ્ધવ જૂથના ઉમેદવાર સામે ખતરો ઉભો થયો હતો. ઉદ્ધવ જૂથના નેતાઓ અનિલ દેસાઈ, વિનાયક રાઉત અને વરુણ સરદેસાઈએ કોંગ્રેસના વડેટ્ટીવાર અને થોરાટનો સખત વિરોધ કર્યો અને ખુલ્લેઆમ અવિશ્વાસ વ્યક્ત કર્યો.તે જ સમયે, બંને પક્ષો વચ્ચે જોરદાર દલીલબાજી પછી, ૧૨ જુલાઈના રોજ ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટેલમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રમેશ ચેનીથલા અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં યોજાયેલી બેઠકમાં, ફેરફારો પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વ દ્વારા સૂચિત નામો કરવામાં આવ્યા હતા.

# પુરીમાં ૪૬ વર્ષ બાદ ખૂલ્યો જગન્નાથ મંદિરનો ખજાનો

। (એજન્સી) પુરી, તા.૧૫ ।

આખરે ૪૬ વર્ષ પછી ઓડિશાના પુરીમાં સ્થિતિ ૧૨મી સદીમાં બનેલા જગન્નાથ મંદિરનો ખજાનો ખુલ્યો છે અને રત્ન ભંડારની સંપત્તિની ગણતરી શરૂ થઈ ગઈ છે. એક શુભ મુહૂર્તમાં આ રત્ન ભંડારનો દરવાજો ૪૬ વર્ષ બાદ ખોલવામાં આવ્યો હતો. આ દરમિયાન સરકારી પ્રતિનિધિઓ સહિત ૧૧ લોકો હાજર હતા. તિજોરી ખોલતા પહેલા પુરી પ્રશાસને ૬ ખાસ મોટા બોક્સ મગાવ્યા હતા. આ દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ સુરક્ષા તહેનાત કરવામાં આવી હતી. જગન્નાથ મંદિરના રત્ન ભંડારના દરવાજા



છેલ્લે ૧૯૭૮માં ખોલવામાં આવ્યા હતા. ઓડિશા સરકાર કહે છે કે ઓડિટમાં કિંમતી પથ્થરોથી જડેલા ૧૪૯.૬ કિલોથી વધુ સોનાના આભૂષણો, ૨૫૮.૩ કિલો ચાંદીના વાસણો અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. જગન્નાથ મંદિર પ્રશાસનના મુખ્ય પ્રશાસક અરબિન્દા પાધીનું કહેવું છે કે તેઓએ રવિવારે SOP મુજબ તમામ કામ કર્યું હતું. રત્ન ભંડારની બહારનો રુમ ખોલવામાં આવ્યો અને ત્યાં રાખેલા તમામ દાગીના અને કિંમતી સામાનને મંદિરની અંદરના અસ્થાયી સ્ટ્રોંગ રૂમમાં ખસેડવામાં આવ્યો.

આ પછી સ્ટ્રોંગ રૂમને સીલ કરી દેવામાં આવ્યો છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) સુપરિન્ટેન્ડેન્ટ ડીબી ગડનાયકે જણાવ્યું હતું કે સમારકામ માટે રત્ના ભંડારનો સર્વે કરવામાં આવશે. બીજી તરફ રત્ન ભંડારનો બીજો દરવાજો ખૂલતા જ એસપી પિનાક મિશ્રા બેભાન થઈ ગયા હતા.

# BMW ગ્રાહકને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપશે

## જૂન-જુલાઈ ૨૦૧૨માં કાર ઉત્પાદકે હાઈકોર્ટના આદેશના પાલનમાં જૂની કારને નવા વાહન સાથે બદલવાની ઓફર કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પરીદાવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે તેલંગાણા હાઈકોર્ટના આદેશને ફગાવીને BMW ઈન્ડિયાને ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા કહ્યું છે, જેમાં તેલંગાણા હાઈકોર્ટે રોક લગાવી છે. ઓટો કંપની સામે કાર્યવાહી કરીને ફરિયાદ રદ કરવામાં આવી હતી અને કંપનીને ખામીયુક્ત વાહનની જગ્યાએ ફરિયાદીને નવું વાહન આપવાનું કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટની બેન્ચે ૧૦ જુલાઈના રોજ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, ''આ કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, કાર ઉત્પાદકને BMW ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને સંપૂર્ણ અને અંતિમ સમાધાનમાં ૫૦ લાખ રૂપિયાની એકસાથે ચુકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તમામ દાવાઓ અને વિવાદો.'' કાર ઉત્પાદકે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં ફરિયાદકર્તાને ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા આ રકમ ચૂકવવાની રહેશે.



ન્યૂઝ એજન્સી પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે કાર બનાવતી કંપની દ્વારા ફરિયાદીને ચૂકવણી કરવાની શરતે, ફરિયાદ રદ કરવા અંગે હાઈકોર્ટના આદેશ અને નવા વાહન આપવાના નિર્દેશ. જૂના વાહનની જગ્યા રદ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે આપેલા આદેશ મુજબ વળતર તરીકે ૫૦ લાખ રૂપિયાની રકમ ચૂકવ્યા બાદ ફરિયાદીના દાવાને સંતોષવામાં આવશે.સુપ્રીમ કોર્ટની બેન્ચે એ હકીકતની નોંધ લીધી હતી કે જૂન-જુલાઈ ૨૦૧૨માં કાર ઉત્પાદકે હાઈકોર્ટના આદેશના પાલનમાં જૂની કારને નવા વાહન સાથે બદલવાની ઓફર કરી હતી. બેન્ચે કહ્યું કે ફરિયાદીએ આ ઓફર સ્વીકારી ન હોવાથી. જો ફરિયાદીએ કારનો ઉપયોગ કર્યો હોત તો આજે તેની કિંમત ઘટી ગઈ હોત. સુનાવણી દરમિયાન, બેંચને કહેવામાં આવ્યું હતું કે ફરિયાદીએ તેની જૂની કાર ડીલરને પાછી આપી હતી. કેસમાં બેન્ચે કહ્યું હતું કે વિવાદનું સ્વરૂપ માત્ર ખામીયુક્ત કાર પૂરતું મર્યાદિત હતું. તેથી, આને ધ્યાનમાં રાખીને, અમારું માનવું છે કે વિવાદ શરૂ થયાના લગભગ પંદર વર્ષ પછી, આ તબક્કે કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપવાથી, ન્યાયનો અંત પૂરો થતો નથી. તેથી, આ ચાલુ રાખવાને બદલે, બંધારણની કલમ ૧૪૨ હેઠળ કોર્ટના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને ફરિયાદીને ચૂકવણીનો આદેશ આપીને પૂરતો ન્યાય કરી શકાય છે. ૨૨ માર્ચ, ૨૦૧૨ના રોજ આપવામાં આવેલા હાઈકોર્ટના આદેશમાં ખામી શોધતા સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે એફઆઈઆરના આધારે હાઈકોર્ટ એ નિષ્કર્ષ પર આવી છે કે છેતરપિંડીનો ગુનો સ્થાપિત થયો નથી.

# ભાજપના ધારાસભ્યએ વિદ્યાર્થીઓને આપી પંચરની દુકાન ખોલવાની સલાહ



। (એજન્સી) ભોપાલ , તા.૧૫ ।

મધ્યપ્રદેશમાં સત્તાધારી પક્ષ ભાજપના ગુનાના ધારાસભ્યનું એક આશ્ચર્યજનક અને વિચિત્ર નિવેદન સામે આવ્યું છે. ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ પ્રધાનમંત્રી કોલેજ ઓફ એક્સેલન્સના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને કહ્યું છે કે, 'કોલેજની ડિગ્રી તમને મદદ નહીં કરે, મોટરસાયકલ પંચરની દુકાન ખોલો જેથી તમે તમારી આજીવિકા રળી શકો.' ઉલ્લેખનીય છે, મધ્યપ્રદેશના ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમરે સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ કહ્યું કે હું જે પણ કહું તે વિજ્ઞાન અને ગણિતના ફોર્મ્યુલાના આધારે કહીશ, તો કૃપા કરીને સમજી લેજો. આ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ કમ્પ્રેસર હાઉસ નથી કે જેમાં ડિગ્રી પ્રમાણે હવા ભરી શકાય અને પ્રમાણપત્ર લઈને જતી રહે. વાસ્તવમાં, શૈક્ષણિક સંસ્થાઓ એવી હોવી જોઈએ કે, જીનકે ઢાઈ અક્ષર પઢે સો પંડિત હોય, પોથી પઢ-પઢ પંડિત ભયા ન કોય અર્થાત અર્થાત પોથીઓ વાંચી વાંચીને કોઈ પંડિત થવાતું નથી, તેના માટે તો પ્રેક્ટિલ સમજ હોવી જરૂરી છે. વધુમાં કહ્યું કે એક નાલંદા યુનિવર્સિટી હતી. જે કોલેજમાં ૧૮ હજાર વિદ્યાર્થીઓ અને ૧૨૦૦ શિક્ષક હતાં. ૧૧ લોકોએ તે યુનવિર્સિટીને બાળીને ખાખ કરી હતી. બાદમાં ૧૨ હજાર માત્ર વિચરતા જ રહ્યા કે, હવે તે શું કરશે, હિન્દુસ્તાનનું જ્ઞાન ખતમ થઈ ગયું. શું આપણે પણ એવુ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે, તેના પર પ્રશ્નાર્થ છે. આજે આપણે પોકારી પોકારીને વૃક્ષો વાવવા અપીલ કરી રહ્યા છીએ. પરંતુ તેની જાળવણી ક્યાં સુધી કરીશું.

# છગન ભુજબળ શરદ પવારને મળવા પહોંચતા રાજકારણમાં નવા જુનીના એંધાણ

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર થયા ત્યારથી મહારાષ્ટ્રમાં નવા જૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે. થોડા મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ દરમિયાન ૧૫મી જુલાઈએ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળે બધાને ચોંકાવી દીધા હતા. તે અચાનક શરદ પવારને મળવા માટે પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદે સરકારના મંત્રી છગન ભુજબળ મરાઠા અને ઓબીસી આરક્ષણના મુદ્દે શરદ પવારનો અભિપ્રાય લેવા ત્યાં ગયા હતા. નોંધનીય છે કે, શરદ પવારની તબિયત હાલ સારી નથી. તેથી તે અત્યારે આરામ કરી રહ્યો છે. સોમવારે શરદ પવારે માત્ર બે લોકોને મળવા માટે અપોઈન્ટમેન્ટ આપી હતી.

## તંત્રી લેખ...

# સુખ, શાંતિ, પ્રેમ નું હોવું એ માનવીય ચરિત્રનું જ ધોતક છે

વિશ્વભાવનાનો વિચાર ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાઓનું જ એક અંગ છે. વસુધૈવ કુટુંબકમ્ સમસ્ત વસુધા જ પરિવાર છે) અને સર્વે ભવન્તુ સુખિનઃ (બધા લોકો સુખી થાય)ની કામના અને ભાવના આપણે ત્યાં સનાતન કાળથી જ રહી છે. આપણા બધાનું જીવન, આપણો સ્વભાવ અને કાર્ય-વ્યવહાર બધામાં બધા માટે સુખ, શાંતિ, પ્રેમ અને સદ્ભાવનાનું હોવું માનવીય ચરિત્રનું જ ધોતક છે. તારું-મારું, પોતાનું-પારકું અને આનું-તેનું જેવી સ્વાર્થની ભાવનાઓથી આપણે ઉપર ઉઠીને અને બધાના કલ્યાણ અને સુખ-શાંતિની કામના કરતાં જીવનને આગળ વધારતા જઈએ. તેનાથી જ્યાં પોતાનું પણ ભલું થાય છે, ત્યાં બીજાઓનું પણ કલ્યાણ થતું જાય છે. બધા જ ધર્મગ્રંથો અને દર્શનોમાં વિશ્વ કલ્યાણની વાત કહેવામાં આવી છે. ધર્મ એ જ છે, જેનાથી બધાનું ભલું થાય છે. પોતાની ભલાઈમાં જે બીજાઓની ભલાઈ જુએ છે, તે 'વિશ્વમાનવ' બની જાય છે. તેના માટે પોતાના-પારકા અને સ્વાર્થની ભાવના કોઈપણ સ્તર પર નથી હોતી. એ જ તો મનુષ્યનું કર્તવ્ય અને કર્મ હોવું જોઈએ કે ફક્ત પોતાના વિશે જ ન વિચારે, બલ્કે બધા વિશે સારું વિચારે અને સારું કરવાનો સ્વભાવ બનાવે. જેમ કે બ્રહ્મમાં તમામ વિશ્વ એક માળાની જેમ એકાકાર થઈ જાય છે, એવી જ રીતે આપણી મનની આંખોમાં તમામ માનવ સમાજ પોતાના સહોદર જેવો બની જાય, તો જીવનનો સાચો મકસદ પૂરો થઈ જાય છે. આ શુભતા, વિશ્વભાવનાની ધારાનો આધાર છે. આપણે રોજ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હે ઈશ્વર અમારો સ્વભાવ, કર્મ વ્યવહાર અને બુદ્ધિ ક્યારેય સ્વાર્થથી પ્રેરિત થઈને એકાંગી ન બને. આપણા રોમ-રોમમાં પરોપકારની વિશ્વભાવના દરેક પળે બની રહે. આપણી દરેક ઈન્દ્રિય ઉત્તમ ધારામાં કાર્ય કરનારી હોય. જેવી રીતે આપણે પરિવારના સભ્યો પ્રત્યે હંમેશાં કૃતજ્ઞતા અને શુચિતાનો ભાવ બનાવી રાખીએ છીએ, એવો જ ભાવ આપણે વિશ્વના પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે બનાવી રાખીએ. તેનાથી હ્રદયમાં દરેક પળે પવિત્રતાનો ભાવ બની રહેશે. કોઈ સાથે નફરતની ભાવના નહીં હોય અને ના કોઈ સાથે જૂઠું બોલવું પડશે. કરુણા, દયા, પ્રેમ, સહિષ્ણુતા અને સદાશયતાની ભાવના પણ સતત વધતી જશે. આખું જીવન સદ્ગુણોથી ભરાયેલું થઈ જશે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણો સતત વિસ્તાર થતો જશે. 'હું'ની જગ્યાએ 'આપણે'ની ભાવના જાગૃત થતી જશે. એવી ભાવના આપણે સાધના દ્વારા હાંસલ કરી શકીએ છીએ.

## નવેમ્બરમાં યુએસ રાષ્ટ્રપ્રમુખપદની ચૂંટણીના પરિણામ પર નિર્ભર

ચીને નાટોની ઘોષણાનો જવાબ આપ્યો છે અને તેને નિર્દોષ જૂઠાણું ગણાવ્યું છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે રશિયા અને ચીન વચ્ચેનો વેપાર કોઈપણ ત્રીજા પક્ષને નિશાન બનાવતો નથી. પરંતુ ઘોષણાની સ્પષ્ટ ભાષાએ રશિયા-યુક્રેન યુદ્ધને નાટો-ચીન પ્રોક્સી યુદ્ધમાં ફેરવી દીધું છે. આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે નાટોના સભ્યો હંગેરી અને તુર્કીના રશિયા સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો છે. અત્યાર સુધી રશિયા ચીનને મદદ કરવામાં ઉંડાણપૂર્વક સંકળાયેલું છે પરંતુ તે હથિયારોની સપ્લાય કરતું નથી. પરંતુ ચીનની સેના હવે નાટોના સભ્ય દેશ પોલેન્ડની સરહદો પર રશિયાના ભાગીદાર બેલારુસ સાથે સંયુક્ત કવાયત કરી રહી છે. આ પ્રકારની સંયુક્ત કવાયત પહેલા પણ થઈ ચુકી છે પરંતુ ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર આક્રમણ બાદ આ પહેલી કવાયત છે. નેતૃત્વ પરિવર્તનના આ નિર્ણાયક સમયગાળા દરમિયાન નાટો પરિસ્થિતિને કેવી રીતે હેન્ડલ કરે છે તે તેની સૌથી મુશ્કેલ કસોટી હશે. નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)ની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે વોશિંગ્ટનમાં યોજાયેલી સમિટમાં ત્રણ મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા હતી. પરંતુ ચીનનો મુદ્દો ત્યાં કેન્દ્રમાં રહ્યો. આ શિખર બેઠક પછી કરવામાં આવેલી જાહેરાતમાં પણ દેખાઈ રહ્યું હતું જેમાં ચીનનો અભૂતપૂર્વ ઉલ્લેખ જોવા મળ્યો હતો. નાટોના તમામ ૩૨ સભ્યો દ્વારા મંજૂર કરાયેલી અહેવાલ સામગ્રીમાં ચીનને યુક્રેન સામેના રશિયાના યુદ્ધના નિર્ણાયક સમર્થક તરીકે વર્ણવવામાં આવ્યું હતું અને માગણી કરવામાં આવી હતી કે ચીન, હવે રશિયાના સૈન્યને તમામ સરંજામ અને રાજકીય સમર્થન આપવાનું બંધ કરે. જેમાં ચીનના પરમાણુ હથિયારો અને અંતરિક્ષમાં તેની હુમલો કરવાની ક્ષમતા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ઈ. સ. ૨૦૧૯ ના આ પ્રકારના સમાન નિવેદનમાં, આવી સ્પષ્ટ ભાષામાં ચીનનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આમાંથી એક હકીકત બહાર આવે છે કે નાટોએ યુક્રેન પ્રત્યે તેની પ્રતિબદ્ધતાને વધુ ઊંડી બનાવવાનો સંકેત આપ્યો છે. સમિટની શરૂઆત સાથે, અમેરિકન નિર્મિત એફ-૧૬ ફાઈટર પ્લેનની પ્રથમ બેચ ડેનમાર્ક અને નેધરલેન્ડથી યુક્રેન મોકલવામાં આવી હતી અને એવી અપેક્ષા છે કે આગામી દિવસોમાં તેનો ઉપયોગ થતો જોવા મળશે. આનાથી યુક્રેનને રશિયન હવાઈ હુમલાઓ સામે પોતાનો બચાવ કરવામાં મદદ મળશે જે જેટ પ્રણાલિકાઓ તાજેતરના સમયમાં ઘણી સફળ રહી છે. યુએસ સેક્રેટ-રી ઑફ સ્ટેટ એન્ટની બ્લિંકને યુક્રેનની નાટો સદસ્યતા માટે સ્પષ્ટ અને મજબૂત સેતુ વિશે વાત કરી હતી. પરંતુ આ પરિણામ રશિયા સાથેની દુશ્મનાવટની સમાપ્તિ પર આધારિત છે. ત્યાં થઈ રહેલા ભવ્ય ડિનર ઉપરાંત, નાટો સભ્યો સારી રીતે જાણે છે કે જોડાણ અને યુક્રેનનું ભાવિ મોટે ભાગે નવેમ્બરમાં યુએસ રાષ્ટ્રપ્રમુખપદની ચૂંટણીના પરિણામ પર નિર્ભર રહેશે. ગયા મહિને પ્રથમ રાષ્ટ્રપ્રમુખની ચર્ચાની અસ્થિર શરૂઆત પછી, બાઈડનના સ્વાસ્થ્યનો મુદ્દો તાત્કાલિક ચિંતાનો વિષય બની ગયો છે. તે સ્પષ્ટ નથી કે ટેલિપ્રોમ્પ્ટર વિના સમિટમાં તેમના સફળ ભાષણે તેમના નાટો સાથીઓને ખાતરી આપી હશે કે કેમ. જો કે, એવું લાગે છે કે તે પોતાની પાર્ટીના લોકોની ચિંતાઓ દૂર કરી શક્યા નથી. જો બાઈડન જો તેમની ઝુંબેશ ચાલુ રાખે છે, તો તે ફક્ત તેમના રિપબ્લિકન હરીફ ડોનાલ્ડ ટ્રમ્પની સંભાવનાઓને મજબૂત કરશે. તેમના પ્રથમ કાર્યકાળમાં, ટ્રમ્પે નાટો સહયોગી દેશોની ખર્ચ વહેંચવાની અનિચ્છાની યોગ્ય ટીકા કરી હતી. જોકે ત્યારથી આ બદલાઈ ગયું છે અને મોટાભાગના સભ્ય દેશો તેમની જીડીપીના ૨ ટકાની નાટો ખર્ચની જવાબદારી પૂરી કરી રહ્યા છે, પુટિન સાથે ટ્રમ્પનો સંબંધ નાટો-યુક્રેન સંબંધોમાં એક અણધાર્યા તત્ત્વો ઉમેરી શકે છે. નાટો ખરેખર તો સોવિયેત સંઘના સંભાવ્ય આક્રમણને ખાળવાના હેતુથી યુરોપના સામૂહિક સંરક્ષણ માટે બીજા વિશ્વયુદ્ધ પછી મિત્ર રાષ્ટ્રોએ રચેલું લશ્કરી સંગઠન છે.

**આપણે સત્ય નિષ્ઠ હોઈએ તો આપણાં વિચારો આવાં હોવા જોઈએ! કે હું માનવ તરીકે જન્યો છું, તો માનવતા એ જ મારો પરમ ધર્મ છે!:**

# સાવ સીધા સાદા શબ્દોમાં વિચારની વ્યાખ્યા કરીએ તો વિચાર એટલે કે "બુદ્ધિ પ્રેરક મનની ગતિ"!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મનની ચંચળતા ને કારણે વિચારોની ગતિશીલતા વધુ કે ઓછી હોય છે, એટલે કે કોઈનું મન શાંત અને સંતોષી હોય તો એના વિચારો પ્રમાણમાં શાંત હોય, અને એની સાથે સંગતિ કરવી સરળ પડે છે, પણ જો મન અતિ ચંચળ છે, અથવા તો અશાંત છે, તો પછી વિચારોનો ઉપદ્રવ એટલો વધી જાય, કે એની સાથે સંગતિ સાધી શકાતી નથી, અને એ રીતે સત્ય છૂટી જાય.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજનો સમાજ અશાંત છે, અથવા તો ગમે તેટલું સુખ મળે સંતોષ નથી, સદા બેચેન છે. તો એનું કારણ માનવી ધીરે ધીરે સત્યથી વિમુખ થતો જાય છે, આપણે ત્યાં સત્યને જ ઈશ્વર કહેવાયો છે. જેમ કે રામ નામ સત્ય હે! અથવા સત્યમ શિવમ સુંદરમ! તો આ કહેવાતું સત્ય એ શું છે?કે જે ખુદ ઈશ્વરની અનૂભૂતિ કરાવે! કારણ કે આપણે સત્ય નિષ્ઠ હોવાનો દાવો કરીએ છીએ, છતાં પણ ઈશ્વર મળી ગયો હોય, કે એનો સાક્ષાત્કાર થયો હોય, કે પછી એનું સાનિધ્ય માણ્યું હોય, એવી કોઈ અનૂભૂતિ આપણે બતાવી શકતા નથી! અને એ પણ એટલું જ સત્ય છે! તો આખરે સત્યને કંઈ રીતે વર્ણવી શકાય! કે અનુસરી શકાય!: હમણાં ચોમાસાની ઋતુ અનુસાર ઘરના વડીલોની તબિયત સારી નરસી રહે! અને સ્વાભાવિક એક ધારો સમય ન મળે! પણ જેટલું થાય એટલું કથાનું શ્રવણ કરવું! એટલે નોર્વેની કથામાં પૂજ્ય બાપુએ સત્યનાં ચાર અંગ કહ્યાં, (૧)ઉચ્ચાર, (૨)વિચાર, (૩)આચાર, અને (૪)મૌન, જેને અનુસરીને સત્ય રુપી ઈશ્વર સુધી પહોંચી શકાય છે, એમણે તો ચાર અંગ કહી છોડી દીધું, પણ આપણે એને વિશે આજે ચિંતન મનન કરીશું.

ઉચ્ચારઃ ઉચ્ચાર એટલે કે વાણી! અને સાંપ્રત સમયનો સમાજ સત્ય એટલે માત્ર વાણીથી બોલાયેલું જે હોય! ત્યાં જ અટકી જાય છે. એટલે કે એણે આમ કહ્યું હતું! અને આમ નહોતું કહ્યું! આ તેનું નિવેદન હતું! હવે તે ફરી જાય છે! એ બોલ્યો જ હશે!: કારણ કે એની ફિતરત જ એવી છે. કે પછી એણે આમ કર્યું હતું! હવે ફરી જાય છે! હું એનો સાક્ષી છું! વાણીના સત્યને સાબિત કરવા આપણે ત્યાં તટસ્થ, મધ્યસ્થ, અને સત્યસ્થ એવાં શબ્દ પ્રયોગ પણ પ્રચલિત છે. પણ શું સત્ય ને માત્ર વાણી સુધી સિમિત રાખી શકાય! વાણીથી સાચું જ બોલવું જોઈએ, વ્યક્તિગત વાતમા પણ આપણાં ગુણ દોષ સ્વીકારી લેવા જોઈએ. કે પછી કોઈ પૂછે કે આમ કોણે કર્યું? તો આપણે કર્યું હોય તો આપણે કબૂલી લેવું જોઈએ! અથવા આપણે જાણતા હોઈએ તો એનું નામ પણ દેવું જોઈએ! પણ ચૂકી જવાય છે, ક્યાંક આપણે સમાજની નજરમાં નીચા થઈ જશું! તો ક્યાંક એમાં મારે શું કામ પડવું! એવું વિચારીને સાક્ષી હોવા છતાં એને ટાળીએ છીએ! કે પછી થોડો ડર પણ લાગે છે! જેમ કે કોઈની હત્યા થઈ, આપણે તે જોયું! પણ કોર્ટમાં સાક્ષી બનવા જતા નથી! રસ્તા પર એક્સિડન્ટ થયો સ્કૂટરવાળાને ગાડીની સ્પીડને કારણે ટલ્લો લાગ્યો, આપણે જાણીએ છીએ કે ગાડીનો દોષ હતો, છતાં સાક્ષી બનતા નથી! આસપાસના ઘરમાં કે પછી પોતાના ઘરમાં જાતીય



હિંસા કે અન્ય કોઈ ગુના સંબંધીત કાર્ય કરી રહ્યું છે, છતાં આપણે એને અણદેખ્યું કરીએ છીએ! આવા તો નાના-મોટા કેટલાએ કારણો મળે, જેમાં આપણે સારી રીતે વાણીનું સત્ય પણ નિભાવી શકતાં નથી. સત્ય રૂપે ઈશ્વરને અનુભવો હોય તો ઉચ્ચારના સત્યને તટસ્થતાથી, તન અને મનની વચ્ચે મધ્યસ્થ રહી, તેમજ તેના ઉચ્ચારમાં સૌનું શુભ કે હિત સમાયેલું છે એમ સત્યને ત્રિપરિમાણીય સ્તરે મૂલવવુ જોઈએ.

વિચારઃ સીધા સાદા શબ્દોમાં વિચારની વ્યાખ્યા કરીએ તો બુદ્ધિ પ્રેરક મનની ગતિ! વાણીથી આપણે ગમે તેટલા સત્યનિષ્ઠ હોઈએ, પણ વિચારમાં સદા સત્યને કેન્દ્રસ્થ રાખીને જીવવું એ જીવનની માત્રા વધારનાર છે, અને આપણે હાથીની જેમ દેખાડવાના દાંત જુદા, અને ચાવવાના જુદા એવો ઘાટ હોવાથી, સત્યને પામી શકતા નથી. કારણ કે વિચાર એ ગતિશીલ છે આપણે ત્યાં બોલવા પહેલા સો વાર વિચારવું એવું એક સૂત્ર આવ્યું છે! પણ આજનો સમાજ તડાંફડમાં માને છે! એટલે જે હોય તે તરત જ રિયેક્શન આપે છે! અને પોતાને હાજર જવાબી માં ખપાવે છે, કે પછી હું તો કોઈ ની સાડીબાર કરું નહીં આમ અહંકાર વધારે છે કે કોઈવાર પસ્તાય પણ છે. મનની ચંચળતા ને કારણે વિચારોની ગતિશીલતા વધુ કે ઓછી હોય છે, એટલે કે કોઈનું મન શાંત અને સંતોષી હોય તો એના વિચારો પ્રમાણમાં શાંત હોય, અને એની સાથે સંગતિ કરવી સરળ પડે છે, પણ જો મન અતિ ચંચળ છે, અથવા તો અશાંત છે, તો પછી વિચારોનો ઉપદ્રવ એટલો વધી જાય, કે એની સાથે સંગતિ સાધી શકાતી નથી, અને એ રીતે સત્ય છૂટી જાય છે. દાખલા તરીકે આપણે સત્ય નિષ્ઠ હોઈએ તો આપણાં વિચારો આવાં હોવા જોઈએ! કે હું માનવ તરીકે જન્યો છું, તો માનવતા એ જ મારો પરમ ધર્મ છે!: માણસની સૌથી મોટી શક્તિ તેની વિચાર કરવાની શક્તિ છે. કોઈ અજાણ્યા કે અપરિચિત વ્યક્તિને તમે મળો, તેની વાણી પરથી તમે, તેની બૌદ્ધિક્તા, માનસિક્તા તુરન્ત સમજી શકો અને જાણી શકો કારણ વાણી એ માનવના વિચારનું પ્રતિબિંબ છે. વિચાર એક ચિનગારી છે દા.ત. "સ્વરાજય મારો જન્મસિધ્ધ હક્ક છે." આ વિચારની અંદર સ્વાતંત્ર્યની ચળવળનો ઉદ્ઘોષ હતો. વિચાર એક શસ્ત્ર છે. મંથરા પાસેથી મળેલા દુર્બળ વિચારરૂપી શસ્ત્ર એ કૈકયી દ્વારા દશરથરાજાનો માનસિક વધ કર્યો. એક નાનકડો વિચાર ક્રાંતિનું બીજ બની જાય છે. 'સર્વસ્ય ચાહં હદિસંન્નિવિષ્ટઃ' જેવો ગીતાનો શ્રેષ્ઠ વિચાર માનવજીવનને આકાર આપે છે. ભગવાન મારી ભીતર છે, તેમ બીજી વ્યક્તિની અંદર પણ બિરાજમાન છે તે સમજાતાં માણસની ગુરૂતા, લઘુતા અને ભયગ્રંથિ દૂર થઈ જાય છે. એક વિચાર સમાજની કાયાપલટનો સંકેત બની જાય છે. સૌને મદદ કરવી એ મારું કર્તવ્ય છે, મારાથી ઓછી આવક ધરાવતાં પરિવારને સમસ્યા સમયે શારીરિક, માનસિક અને આર્થિક ટેકો આપવો જોઈએ!: બીજું કંઈ ન થાય તો કોઈની ઈર્ષા કરવી, નિંદા કરવી, ઉપેક્ષા કરવી, ઉતારી પાડવા, કે પછી અન્ય કોઈ રીતે હેરાન પરેશાન કરવા! એવું તો નહીં જ કરું! મારી આસપાસ રહેતાં તમામનો હું આદર કરીશ! તથા કોઈની પ્રગતિમા અવરોધ નહીં બનું. મારુ પોષણ કરનારી આ પ્રકૃતિનું જતન કરીશ!: અને એના સંવર્ધન માટે મારાથી બનતા તમામ પ્રયાસ કરીશ.

વિચારવાની દ્રષ્ટિએ આપણા સૌના વિચારો આવાં જ છે, પણ એમા સમયાન્તરે કંઈક દૂષણ આવે છે, ક્યાંક ચૂકી જવાય છે! અને એ જ કારણ છે કે આપણે સત્યને અનુભવી શકતાં નથી. પણ કાળ એટલે કે સમયની ગતિ પણ બહુ ન્યારી છે! જે ઉચ્ચાર, વિચાર, આચાર, અને મૌનને ભગવાન શ્રી રામ અનુસર્યા હતાં! એ જ રીતે ભગવાન શ્રી કૃષ્ણ અનુસર્યા નથી! એમણે સર્વ જન હિતાય માટે ક્યારેક ક્યારેક ઉચ્ચારનાં સત્યમાં ભ્રમણા પેદા કરી છે! અને વિચારો પણ કાળ પ્રમાણે ક્રાંતિકારક ખરાં! જે સત્યની જૂની પરિભાષા મુજબ ન પણ હોય! ગીતામાં છૂટ પણ આપી છે, કે આતતાયી ને મારવા એ હિંસા નથી! ઉલટું સમાજ સેવા છે, અને આ રીતે પણ કોઈનું હિત થતું હોય, તો આપણાં એ વચન કે કર્મ ખોટાં નથી! એનાથી કર્મ બંધનની જાળમાં આપણે ફસાતા નથી! પણ આપણા દ્વારા કોઈની નીંદા, ઈર્ષા, ફરેબ, કપટ, દંભ, દેખાદેખી, વેરઝેર વગેરેનાં વિચારો આપણને ખોટું કરવા પ્રેરે છે, આપણે જાણવા છતાં એ વિચારોને રોકી શકતાં નથી! કારણ કે આપણું આચરણ વ્યવહાર મય હોય છે. દિન પ્રતિ દિન સમાજ વધુ ને વધુ ઉગ્ર થતો જાય છે! કારણ જાણે ગમે તે હોય! તો ઉચ્ચાર ના કે વિચાર ના કોઈ પણ એક સત્ય કથિત વિધાન ને પકડી એ મુજબ નિષ્ઠાથી જીવવામાં આવે તો અવશ્ય પરિણામ મળે છે, અને આપણે સૌ આ રીતે સત્યનું વિશ્લેષણ કરી એને પ્રતિપાદિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**સ્વભાવમાં નમ્રતા, શબ્દોમાં મધુરતા અને કાર્યમાં કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા એ શ્રેષ્ઠ મૂલ્યોના સૂચક છે**

# જીવનમાં જેટલો ધર્મ હશે તેટલી વ્યક્તિ માનવતાની નજીક હશે, તેમ કહી શકાય કે ધર્મએ માનવતાની પાઠશાળા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પ્રાર્થનામાં એક અદ્રશ્ય શક્તિ છે પ્રાર્થના તમને આશાવાદી બનાવશે અને જ્યારે તમારી આસપાસ નિરાશાના વાદળો છવાયેલા હોય ત્યારે પણ તમને સંપૂર્ણ શક્તિ સાથે આગળ વધવાનું શીખવે છે. તમે પાણીને ગમે તેટલું ગરમ કરો, તે તેની મૂળ સ્થિતિમાં પાછું આવશે અને થોડા સમય પછી ઠંડુ થઈ જશે.**

ધર્મ માનવ જીવનને મારા અને મારાથી ઉપર ઉઠવા અને દરેક માટે જીવવાની પ્રેરણા આપે છે. જ્યારે ધર્મ વ્યક્તિના જીવનમાં આવે છે ત્યારે તે તેની સાથે નમ્રતા જેવા અનેક ગુણો પણ લઈને આવે છે. નમ્રતા ધર્મ સાથે એટલી જ સરળતાથી આવે છે જેટલી ફૂલોથી સુગંધ અને સૂર્ય સાથે પ્રકાશ. જેમ વાદળો વિના વરસાદ નથી થઈ શકતો, તેવી જ રીતે સદ્ગુણોના અભાવે ધર્મ પણ થઈ શકતો નથી. જીવનમાં જેટલો ધર્મ હશે તેટલી વ્યક્તિ માનવતાની નજીક હશે. ધર્મ એ માનવતાની પાઠશાળાનું નામ છે. ધર્મ જ જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા, ઉદારતા, આત્મીયતા, સહજતા, સહનશીલતા અને નમ્રતા જેવા દૈવી ગુણો દર્શાવે છે. તેથી જ શાસ્ત્રો ઉપદેશ આપે છે કે ધર્મ વિનાનું જીવન માનવીય મૂલ્યોથી વંચિત પ્રાણી જેવું છે. જેમ સારી સુગંધ એ સારા અત્તરની ઓળખ છે, તેવી જ રીતે સારા શબ્દો એ સારા માણસની ઓળખ છે. તે માણસના શબ્દો નથી બોલે છે, પરંતુ તેના મૂલ્યો છે. વ્યક્તિના મૂલ્યોનું મૂલ્યાંકન કરવા માટે શબ્દો સૌથી અસર કારક અને સચોટ આધાર છે. સ્વભાવમાં નમ્રતા,શબ્દોમાં મધુરતા અને કાર્યમાં કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા એ શ્રેષ્ઠ મૂલ્યોના સૂચક છે. તેનો સીધો અર્થએ છેકે તમારો ઉછેર સારાસંસ્કારો સાથે થયો છે. શબ્દોએ તલવારો છે જેના ઘા જીવનના અંત પછી પણ રૂઝાતા નથી.તેથી,જીવનમાં આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે જ્યારે પણ તમે બોલો ત્યારે મર્યાદામાં જ બોલો જેથી કરીને કોઈ અન્ય દ્વારા તમારા મૂલ્યો પર પ્રશ્નાર્થ ન ઊભો થાય. બીજી એક વાતઃ ખરાબ શબ્દો વાપરવા કરતાં અવાચક રહેવું અનેકગણું સારું છે. શબ્દો જ પસ્તાવો કરાવે છે, મૌન ક્યારેય પસ્તાવાનું કારણ નથી. જીવનમાં એક વાતનો અનુભવ થાય છે કે જો આપણે ક્યારેય ગુસ્સાની ક્ષણોમાં કોઈને અપશબ્દો બોલીએ તો તે ચોક્કસ પશ્ચાતાપનું કારણ બની જાય છે, પરંતુ ગુસ્સાની એ ક્ષણોમાં જો આપણે થોડું સહન કરીએ અને મૌન રહીએ તો આપણે ચોક્કસ પણે પસ્તાવો થી બચી જશે. જે સહન કરતા શીખે છે તે પણ સોનું બની જાય છે. પરિસ્થિતિ ગમે તેટલી ગંભીર હોય આપણી વાણી પર નિયંત્રણ જાળવવા માટે આપણી પાસે પૂરતી સહનશીલતા હોવી જોઈએ ખોટું સ્વીકારશો નહીં,પરંતુ સંયમ રાખીને વ્યક્તિ સામેની વ્યક્તિ સામે બદલો લઈ શકે છે. મૌનની શક્તિ એવી છેકે જે મૌન જાળવવાનું જાણે છે તે ક્રોધ અને



પશ્ચાતાપની આગમાં વારંવાર સળગતા બચી જાય છે. સાચા હ્રદયથી કરેલી પ્રાર્થના ક્યારેય વ્યર્થ જતી નથી. જ્યારે જીવનના પંથ પરના પરિણામો આપણી અપેક્ષાઓથી વિપરિત હોય અને આપણા હાથમાં કશું ન હોય, ત્યારે એ ક્ષણોમાં પ્રભુને પ્રાર્થના આપણી આશાનો દીવો પ્રજ્વલિત રાખે છે. પ્રાર્થના માટે મંદિર હોવું જરૂરી નથી પરંતુ સ્વ ચ્છ મન હોવું ખૂબ જ જરૂરી છે. ધર્મ એટલે આપણને દુર્લભ એવું માનવજીવન અર્પનાર કોઈ અજ્ઞાત-અદ્રશ્ય શક્તિ પ્રત્યેની કૃતજ્ઞાતા વ્યક્ત કરવાનો વિનમ્ર પ્રયાસ. કર્મની જેમ ધર્મની ગતિ પણ સૂક્ષ્મ છે એટલે માનસિક સંકીર્ણતા ધારણ કરી ધર્મને સમજવાની કોશિશ ન કરવી જોઈએ. ધર્મ એ મનુષ્યમાં માનવતા પ્રગટાવવા મનુષ્યને પોતાને સોંપેલી પાઠશાળા છે. ધર્મ માણસને નૈતિક માર્ગે ચાલવાનું બળ પ્રદાન કરે છે. જીવનમાં પરિણામો હંમેશા આપણે વિચારીએ છીએ અને ઈચ્છીએ છીએ તે પ્રમાણે આવતા નથી. કોઈપણ ક્રિયાનું પરિણામ માણસના હાથમાં નથી હોતું પરંતુ પ્રાર્થના તેના પોતાના હાથમાં હોય છે. પ્રાર્થના વ્યક્તિના આત્મ વિશ્વાસને મજબૂત બનાવે છે અને પ્રાર્થનાના બળ પર જ વ્યક્તિ એવી ક્ષણોમાં પણ ક્રિયાના માર્ગ પર અડગ રહે છે જ્યારે તેને લાગે છે કે હાર નિશ્ચિત છે. પ્રાર્થનામાં એક અદ્રશ્ય શક્તિ છે પ્રાર્થના તમને આશાવાદી બનાવશે અને જ્યારે તમારી આસપાસ નિરાશાના વાદળો છવાયેલા હોય ત્યારે પણ તમને સંપૂર્ણ શક્તિ સાથે આગળ વધવાનું શીખવે છે. તમે પાણીને ગમે તેટલું ગરમ કરો, તે તેની મૂળ સ્થિતિમાં પાછું આવશે અને થોડા સમય પછી ઠંડુ થઈ જશે. એ જ રીતે, આપણે ગમે તેટલા ગુસ્સામાં, ભયમાં અને અશાંતિમાં જીવીએ, પણ થોડા સમય પછી આપણે સમજણ, નિર્ભયતા અને આનંદમાં આવવું પડશે કારણ કે આ આપણી મૂળભૂત પ્રકૃતિ છે જે આપણને શક્તિથી ભરપૂર જીવન આપે છે તેમના પોતાના લાખો લોકોના કલ્યાણ માટેનું સાધન પણ બની શકે છે. આપણે આપણી પોતાની શક્તિ અને સ્વભાવને સમજવાની જરૂર છે. પોતાના સ્વભાવને ભૂલી જવું એ માનવ જીવનમાં સૌથી મોટો અવરોધ છે. થોડા જ સમયમાં આપણે પરિસ્થિતિને વશ થઈ જઈએ છીએ અને તેને આપણા પર પ્રભુત્વ જમાવી દઈએ છીએ. કંપનીની કેટલીક ખામીઓને કારણે અથવા કેટલીક બાબતોના પ્રભાવ હેઠળ નિરાશ થવું એ તકને કારણે સર્જાયેલી પરિસ્થિતિ છે. આનંદ, આનંદ, ઉત્સાહ, ઉલ્લાસ અને સચ્ચાઈ એ આપણો મૂળ સ્વભાવ છે, આ આપણો વ્યક્તિ ગત સ્વભાવ પણ છે.માતા દેવહુતિને કપિલ ભગવાને ધ્યાન કરવાની આજ્ઞા આપી છે. ધ્યાન વગર ઈશ્વરનો અનુભવ થતો નથી. પરમાત્માનાં અનેક સ્વરૂપો છે. તેમાંથી કોઈને ઈષ્ટદેવ માની તેનું ધ્યાન કરો. વ્યાસજીએ કોઈ પણ ખાસ સ્વરૂપનું ધ્યાન કરવાનો આગ્રહ રાખ્યો નથી, પણ તમને જે સ્વરૂપ ગમે તેનું ધ્યાન કરો. ધ્યાન કરતાં પહેલાં ઠાકોરજી સાથે સંબંધ જોડવો પડે છે.દાસ્ય ભક્તિમાં પહેલાં ચરણ ઉપર દૃષ્ટિ સ્થિર કરવી પડે છે. ખાંડની પૂતળી સાગરની ઊંડાઈ માપવા ગઈ તે પાછી આવી જ નહીં. પરમાત્મા દરિયાની જેમ વ્યાપક છે. જ્ઞાની પુરુષો પરમાત્મા ના રૂપ સાથે એવા મળી જાય છે કે તે પછી તે કહી શકતો નથી કે હું જાણું છું કે હું જાણતો નથી. ધ્યાન કરતાં ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય છે. આ જ અદ્વૈત છે. ધ્યાન કરનારનું 'હુંપણું' ઈશ્વરમાં મળી જાય છે. દેહભાન ભૂલાય ત્યારે જીવ અને શિવ એક થાય છે. કેટલાક જ્ઞાનીઓ ભેદભાવથી ધ્યાન કરે છે. કેટલાક જ્ઞાનીઓ અભેદભાવથી ધ્યાન કરે છે. પ્રથમ ભેદભાવથી ધ્યાન કરે છે, પછી અભેદભાવથી.જેમ ઈયળ ભમરીનું ચિંતન કરતાં ભમરી બને છે તેમ જીવ ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં ઈશ્વરમય બને છે. જીવ ઈશ્વરનું મિલન થયું તે પછી જીવભાવ રહેતો નથી.ધ્યાન કરનારો જે સ્વરૂપનું ધ્યાન કરે છે, તે ધ્યેયની શક્તિ ધ્યાતામાં, ધ્યાન કરનારમાં આવે છે.જેના પર પ્રભુ કૃપા કરે તે જ પ્રભુને જાણી શકે છે અને જે એને જાણે છે તે એનામય થઈ જાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત. મેઘરાજાએ આ વખતે ભારે રિસામણા કર્યા હોય તેવું ઉત્તર ગુજરાત કચ્છમાં કેટલાક વિસ્તારોમાં પ્રજા અનુભવી રહી છે. હવે કાળઝાળ ગરમી બફારાથી છુટકારો મળે તો સારું.. અબોલ જીવો ખેડૂતોની પ્રાર્થના સાંભળી મહેર કર મેઘરાજા..અસ્તુ.

### સમીરની પોસ્ટ પરથી અફવા શરૂ થઈ હતી

# સમીરએ પત્ની નીલમ સાથે અણબનાવની અફવા નકારી

**સમીર સોની ખુદ પોતાના જમાનામાં મોટો ટીવી સ્ટાર રહી ચૂક્યો છે અને તેણે સંખ્યાબંધ ફિલ્મોમાં પણ કામ કર્યું છે**

સમીર સોનીએ પત્ની નીલમ કોઠારી સાથે પોતાને કોઈ અણબનાવ થયો હોવાની વાત નકારી છે. સમીરની જ એક સોશિયલ મીડિયા પોસ્ટના આધારે આ અફવા ફેલાઈ હતી. સમીર સોની ખુદ પોતાના જમાનામાં મોટો ટીવી સ્ટાર રહી ચૂક્યો છે અને તેણે સંખ્યાબંધ ફિલ્મોમાં પણ કામ કર્યું છે સમીરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં એવું લખ્યું હતં કે જો કોઈ યુવતીને ધનાઢ્ય પતિ જોઈતો હોય તો તેણે ખૂબસુરત રહેવું પડે છે જ્યારે કોઈ યુવકને સુંદર પત્ની જોઈતી હોય તો તેણે અથાક મહેનત કરીને સંપત્તિ ઊભી કરવી પડે છે. બાકી જે લોકો પ્રેમ લગ્ન કરે છે એ બધા થોડા મહિના એન્જોય કરો અને પછી તમારો નિર્ણય કરી લો. સમીરની આ પોસ્ટના આધારે તેના અને નીલમ વચ્ચે અણબનાવ થયો છે અને તેઓ કદાચ અલગ પડી રહ્યાં છે તેવી ચર્ચાઓ શરુ થઈ હતી. આખરે સમીર સોનીએ જ આ અફવાઓને નકારતાં કહ્યું હતું હતું કે અમારા વચ્ચે મનદુખની ધારણા રાખી બેઠેલાઓ નિરાશ થશે. અમારા સ્વર્ગ જેવા સંસારમાં કોઈ તકલીફ નથી. પોસ્ટ કરતી વખતે આવો કોઈ ખ્યાલ પણ મારા દિમાગમાં ન હતો. સમીર સોની ખુદ પોતાના જમાનામાં મોટો ટીવી સ્ટાર રહી ચૂક્યો છે અને તેણે સંખ્યાબંધ ફિલ્મોમાં કામ કર્યું છે. જ્યારે નીલમ ૮૦ના દાયકાના અંત સમયની ટોચની હિરોઈન રહી ચૂકી છે.



# અલી ફેઝલથી લઈ ગુડ્ડુ ભૈયા સુધી આવી રહી છે અભિનેતાની સફર

**તેની પત્ની પણ છે બોલીવુડ સ્ટાર, ગુડ્ડુ ભૈયાના નામથી પોતાની એક મજબુત ઓળખ બનાવનાર અલી ફઝલનું નામ ઓટીટીમાં ખુબ મોટું છે**



ગુડ્ડુ ભૈયાના નામથી પોતાની એક મજબુત ઓળખ બનાવનાર અલી ફઝલનું નામ ઓટીટીમાં ખુબ મોટું છે.અલી ફઝલે બોલિવુડ અભિનેત્રી રિચા ચઢ્ઢા સાથે લગ્ન કર્યા છે. તો આજે આપણે અલી ફેઝલના પરિવાર વિશે વાત કરીએ. અલી ફઝલનો જન્મ ઉત્તર પ્રદેશના લખનઉમાં એક મુસ્લિમ પરિવારમાં થયો હતો. અલી ફઝલના પિતા મોહમ્મદ રફીક મિડલ ઈસ્ટર્ન ફર્મમાં કામ કરતા હતા. તેની માતાનું નામ ઉઝમા છે. ૧૭ જૂન ૨૦૨૦ના રોજ અલી ફઝલની માતાનું મૃત્યુ થયું હતુ.અલી ફઝલના દાદાનું ૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ અવસાન થયું હતુંઅલી ફઝલનો જન્મ દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં થયો હતો અને ઉત્તર પ્રદેશના લખનઉમાં મોટો થયો હતો.લખૌન બાદ તેમને ઈન્ટરનેશનલ ઈન્ડિયન સ્કુલ દમ્મામ મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્તર પ્રદેશના લખનૌમાં લા માર્ટિનીયર કોલેજમાં એડમિશન લીધું અને પછી ઉત્તરાખંડના દેહરાદૂનમાં આવેલી ઓલ-બોય બોર્ડિંગ સ્કૂલ, ધ દૂન સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. દૂન ખાતે તેમણે એક્ટિંગ શરુ કરી અને થિયેટરમાં ભાગ લીધો. વિલિયમ શેક્સપીયરની ધ ટેમ્પેસ્ટમાં તેણે ટ્રિંક્યુલોની ભૂમિકા ભજવી હતી. દૂન પછી ફઝલ મુંબઈ ગયો અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક થયા. અભિનેતાએ પોતાનો અભ્યાસ કર્યા બાદ એક્ટિંગમાં પોતાનું કરિયર બનાવવા માટે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. આજે બોલિવુડ સહિત હોલિવુડમાં પણ સફળતા મેળવી છે. અલી ફઝલે પોતાના બોલિવુડ કરિયરની એન્ટ્રી થ્રી ઈડિયટ્સ સિવાય બોબી જાસુસ, લવ અફેર જેવી ફિલ્મોમાં



પણ કામ કર્યુ છે. તેમ છતાં તેની ફિલ્મી પડદા પર સફળતા મળી ન હતી. વર્ષ ૨૦૦૯માં આમિર ખાનની બ્લોકબસ્ટર ફિલ્મ થ્રી ઈડિયટ્સમાં જોય લોબોનો રોલ પ્લે કરનાર અલી ફઝલનું નામ ગ્લેમર વર્લ્ડમાં ખુબ ભણેલા ણેલા અભિનેતામાં લેવામાં આવે છે.અલી ફઝલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી તેની પહેલી સેલેરી વિશે વાત કરી હતી. તેમની પહેલી સેલેરી ૮૦૦૦ હજાર રુપિયા હતી. તે સમયે તેની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી.ત્યારબાદ તેમણે ઓટીટી પ્લેટફોર્મમાં પગ રાખ્યો અને અહિથી ગુડ્ડુ ભૈયાના રોલથી રાતોરાત અભિનેતા ફેમસ થયો. જેની તે લાંબા સમયથી શોધ કરી રહ્યો હતો. આજે અભિનેતાને કોઈ ઓળખની જરરુ નથી.



# ૩૧ વર્ષ જૂના ગીત પર માધુરી દીક્ષિતે લગ્નમાં લગાવ્યા ઠુમકા

**બોલિવૂડ અભિનેત્રી માધુરી દીક્ષિતે પણ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં હાજરી આપી હતી અને ડાન્સ પણ કર્યો હતો**

અનંતઅંબાણીઅનેરાધિકામર્ચન્ટના લગ્ન ૧૨ જુલાઈ ૨૦૨૪ના રોજ ખૂબ જ ધામધૂમથી થયા હતા. દેશના સૌથી ધનિક પરિવારના દીકરાના લગ્ન હોયને ચર્ચા ન થાય તે બને જ નહીં. ચોક્કસપણે લાઈમલાઈટમાં અનંત અંબાણી અને રાધિકાના લગ્નના વિઝ્યુઅલ્સ સોશિયલ મીડિયા પર દરેક જગ્યાએ છે. આ લગ્નમાં બોલીવુડથી લઈને હોલીવુડ સુધીના સ્ટાર્સે હાજરી આપી હતી. ધક ધક ગર્લ તરીકે પ્રખ્યાત માધુરી દીક્ષિત પણ આ લગ્નનો ભાગ હતી અને આ ખાસ અવસર પર તે જોરશોરથી ડાન્સ કરતી પણ જોવા મળી હતી. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે સંજય દત્ત સાથે તેની ૩૧ વર્ષ જૂની ફિલ્મ ખલનાયકના ચોલી કે પીછે ક્યા હૈ ગીત પર ડાન્સ કરતા જોવા મળી રહી છે. જ્યારે આ ગીત આવ્યું ત્યારે ખૂબ જ લોકપ્રિય થયું હતું. હવે તેણે આ ગીત અનંત અંબાણીના લગ્નમાં રિક્રિએટ કર્યું અને બધા તેની સાથે ડાન્સ કરવા લાગ્યા. આ સમય દરમિયાન, માધુરી ટ્રેડિશનલ લુકમાં જોવા મળી રહ્યા છે અને તેની બાજુમાં રેપર એમિનેમ છે જે પોતાને ડાન્સ કરવાથી રોકી નહી શક્યા અને જોરશોરથી ડાન્સ કરી રહી છે. ચાહકો પણ માધુરીના આ ડાન્સ પર ઘણી કોમેન્ટ કરતા જોવા મળી રહ્યા છે. એક વ્યક્તિએ લખ્યું- માધુરી દીક્ષિત હજુ પણ એટલી જ સુંદર દેખાઈ રહી છે. અન્ય એક વ્યક્તિએ લખ્યું- માધુરીની બાજુમાં એમિનેમ શું કરી રહી છે. આ સિવાય ઘણા યુઝર્સ માધુરીના આ ડાન્સ પર હાર્ટ ઈમોજી શેર કરતા જોવા મળી રહ્યા છે. અનંત અને રાધિકાના લગ્નમાં સલમાન ખાન અને શાહરૂખ ખાન પણ સાથે જોવા મળ્યા હતા અને નીતા અંબાણી સાથે ઘણો ડાન્સ કર્યો હતો. અનંત-રાધિકાના લગ્નમાં રજનીકાંત પણ ડાન્સ કરતા જોવા મળ્યા હતા. વર્લ્ડ હેવીવેઈટ ચેમ્પિયન જ્હોન સીના આ ખાસ સમારોહનો ભાગ બન્યો હતો અને તેના સ્વેગમાં જોવા મળ્યો હતો.

### શું કેટરિના કેફ ખરેખર પ્રેગનન્ટ છે?

# અનંત-રાધિકાના લગ્નમાં કેટરિના કેફનો સાચે જ દેખાયો બેબી બમ્પ?

**વીડિયો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, 'કેટનું બેબી બમ્પ દેખાઈ રહ્યું છે, ટૂંક સમયમાં સારા સમાચાર મળવાના છે' જ્યારે બીજા યુઝરે લખ્યું, 'કેટરિના ચોક્કસપણે પ્રેગ્નન્ટ છે**

ભારતના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ઉજવણીઓ ચાલુ છે. કેટરિના તેના પતિ અને અભિનેતા વિકી કૌશલ સાથે લગ્નના ફંક્શનમાં આવી હતી. આ દરમિયાન અભિનેત્રી સાદી લાલ રંગની સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. કેટરિનાએ અનકટ ડાયમંડ સેટ પહેર્યો હતો, જે તેના લુકમાં ચાર્મ ઉમેરી રહ્યો હતો. જ્યારે વિકી કોસલ ક્રીમ રંગની શેરવાની પહેરીને જોવા મળ્યો હતો. જો કે આ કપલની વેડિંગ એન્ટ્રી સાથે જોડાયેલા વીડિયો જોઈને કેટરીના કૈફની પ્રેગ્નન્સીની ચર્ચાઓ ફરી એકવાર તેજ થઈ ગઈ છે. આટલું જ નહીં વીડિયો જોયા બાદ નેટીઝન્સનું કહેવું છે કે હવે એક્ટ્રેસનું બેબી બમ્પ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, 'કેટનું બેબી બમ્પ દેખાઈ રહ્યું છે, ટૂંક સમયમાં સારા સમાચાર મળવાના છે.', જ્યારે બીજા યુઝરે લખ્યું, 'કેટરિના ચોક્કસપણે પ્રેગ્નન્ટ છે, તે તેના ચહેરા પર દેખાઈ રહી છે.' આ અંગે એક અન્ય યુઝરે લખ્યું, 'મારું ધ્યાન સીધું કેટરીનાના બેબી બમ્પ પર ગયું છે, વિકી કૌશલ પિતા બનવા જઈ રહ્યો છે.' એટલે કે ફેન્સ તેમની ફેવરિટ એક્ટ્રેસના સમાચારની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે આ સમાચાર અંગે હજુ સુધી કપલ દ્વારા કોઈ ઓફિશિયલ નિવેદન આપવામાં આવ્યું નથી. તમને જણાવી દઈએ કે વિકી કૌશલ અને કેટરિના કૈફના લગ્ન ડિસેમ્બર ૨૦૨૧માં થયા હતા. રાજસ્થાનના ઉમેદ ભવન પેલેસમાં આ કપલે ભવ્ય લગ્ન કર્યા હતા. લગ્ન બાદ અભિનેત્રીની પ્રેગ્નન્સીને લઈને ઘણા અહેવાલો સામે આવ્યા છે. જો કે આ વખતે આ વાતોમાં કેટલી સત્યતા છે તે અંગે કંઈ કહેવું મુશ્કેલ છે.



### વિદાય વેળાએ ઇમોશનલ થઈ રાધિકા મર્ચન્ટ

# પિતાનું ઘર છોડતા અંબાણી પરિવારની વહુ રાધિકા મર્ચન્ટનું હૈયું રડી પડ્યું

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન બાદ ગ્રાન્ડ વેડિંગના વીડિયો સતત સામે આવી રહ્યા છે. રાધિકા મર્ચન્ટનો વિદાય લુક સામે આવ્યો છે. પરંતુ વિદાય સેરેમનીનો કોઈ વીડિયો સામે આવ્યો નથી. શું વિદાય વેળાએ રાધિકા ભાવુક થઈ હતી? આ પ્રશ્ન લોકોના મનમાં ઉઠે છે. જો તમે પણ વિદાયનો વીડિયો જોવા માટે ઉત્સાહિત છો, તો આ સેરેમનીનો વીડિયો ખૂબ જ હૃદયસ્પર્શી છે.રાધિકા મર્ચન્ટના વિદાયનો એક ઈમોશનલ વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં બાબુલના ઘરેથી નીકળતી વખતે રાધિકા ઈમોશનલ દેખાઈ રહી છે. સાથે જ અંબાણી પરિવાર સાથે જોડાવાની ખુશી પણ તેમના ચહેરા પર સાફ ઝળકી રહી છે. વીડિયોમાં રાધિકા તેના પતિ અનંત અંબાણી સાથે ચાલતી વખતે તેના ચોખા ફેંકવાની પરંપરાગત વિધિ નિભાવતી જોવા મળી રહી છે.વિદાય સેરેમનીમાં રાધિકાએ મનીષ મલ્હોત્રાએ ડિઝાઈન કરેલો સિંદૂરી લાલ લહેંગો પહેર્યો હતો. લહેંગામાં ગોલ્ડ વર્ક છે, જેનાથી તે વધુ સુંદર લાગી રહી હતી. લહેંગાની ડિઝાઈનનો વિચાર પરંપરાગત આભો (કુર્તા) અને કચ્છ, ગુજરાતની ટ્રેડિશન પરથી લેવામાં આવ્યો હતો. પરફેક્ટ મેચ આપવા માટે રાધિકાએ ખાસ પ્રકારની જ્વેલરી પણ પહેરી હતી અને ગજરાથી તેના વાળ સજાવ્યા હતા. વિદાયનો જે વીડિયો સામે આવ્યો છે તેમાં રાધિકા તેના પતિ અનંત સાથે ચાલતી જોવા મળે છે. તેમની ચોખા ફેંકવાની વિધિના ખાસ પળ વીડિયોમાં કેપ્ચર થયા હતા.આ એક એવી વિધિ છે જે તેના પરિવારને કન્યાની વિદાય અને તેને પાછળ છોડેલા આશીર્વાદનું પ્રતીક છે. આ વેળાએ શ્લોકા મહેતા અને ઈશા અંબાણી ખુશીથી નાચતા જોઈ શકાય છે કારણ કે તેઓ રાધિકાનું અંબાણ પરિવારમાં સ્વાગત કરે છે.જો કે, રાધિકા મર્ચન્ટની બ્રાઈડલ એન્ટ્રી પણ ઘણી મનમોહક હતી. શાનદાર સફેદ અને લાલ રંગનો લહેંગો જેમાં પરંપરાગત ગૂંથળકામ કરવામાં આવ્યું હતું. જેમાં રાધિકાનો દુલ્હન લુક શાનદાર દેખાતો હતો.રાધિકાએ પ્રવેશતાની સાથે જ સિંગર શ્રેયા ઘોષાલે લાઈવ પરફોર્મ કર્યુ હતું.



# અપ્સરાને પણ ટક્કર મારી રહી છે સચિન તેંદુલકરની લાડલી સારા

**મુંબઈના આ ગ્રાન્ડ વેડીંગમાં દુનિયાભરના તમામ મોટા સ્ટાર આવ્યા હતા**

૧૨ જૂલાઈના રોજ અનંત અંબાણી અને રાધિકા મર્ચેન્ટના લગ્ન થઈ ચુક્યા છે. કપલને આશીર્વાદ આપવાના કાર્યક્રમ થઈ રહ્યા છે. મુંબઈના આ ગ્રાન્ડ વેડીંગમાં દુનિયાભરમાં લગભગ તમામ મોટા સ્ટાર આવ્યા હતા. આ ખાસ લગ્નમાં ક્રિકેટ જગતના મહાન બેટ્સમેન રહી ચુકેલા સચિન તેંદુલકર પણ પોતાના પરિવાર સાથે આ લગ્નમાં આવ્યા હતા. સચિન તેંદુલકરની દીકરી સારા તેંદુલકરે પોતાના આઉટફિટથી સૌનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું. તે ખૂબ જ સુંદર લાગી રહી હતી.લગ્નમાં સામેલ થયેલી સારા તેંદુલકરે પોતાના રોયલ લુકની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. સારાએ અર્પિતા મહેતા દ્વારા ડિઝાઈન કરેલો લહેંગો શાનદાર રીતે પહેર્યો હતો. બેબી ઓર્કિડ અને રોઝ ગોલ્ડ રંગનો આ આઉટફિટ સુંદર રીતે તૈયાર કર્યો છે. લહેંગા પર કાચનું વર્ક કરેલું છે. લહેંગાની બોર્ડરના મેચિંગનો રોઝ ગોલ્ડ પણ નેકલાઈન બ્લાઉથ ખૂબ જ શાનદાર લાગી રહ્યું છે. જેના પર હેવી મિરર વર્ક છે.રોયલ લાગવા માટે સારાએ હેવી જ્વેલરી પહેરી છે. સારાએ પોતાના લુકને પુરો કરવા માટે ગોલ્ડન અને સફેદ રંગના નેકપીસ, મેચિંગ ઝુમખા, માંગટીકો અને એક હાથમાં હેવી બંગડી અને રિંગ્સ પહેરી છે. વાળને શાનદાર રીતે બનાવીને તેના પર ગજરો લગાવ્યો છે અને કુંદનની બિંદીથી પોતાના લુકને ટ્રેડિશનલ ટચ આપ્યો છે.આપને જણાવી દઈએ કે, માર્ચના મહિનામાં અનંત અને રાધિકાની પ્રી વેડિંગ ઈવેન્ટ શરુ થઈ હતી અને આ અગાઉ ડિસેમ્બરમાં કપલની ઈંગેજમેન્ટ પાર્ટી થઈ હતી. આ ખાસ અવસર પર ફિલ્મી જગતની મોટી મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ૧૪ જૂલાઈ એટલે કે આજે અનંત અને રાધિકાનું ગ્રાન્ડ રિસેપ્શન છે. સચિન તેંડુલકર અનંત અંબાણીના લગ્નમાં ઉમંગ મહેતાની શેરવાની પહેરે છે; ડિઝાઈનર કહે છે, 'હું સમજું છું કે તેને શું ગમે છે અને તેનો સ્વાદ' અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટ વેડિંગઃ સારા તેંડુલકર અર્પિતા મહેતાના પિંક અને ગોલ્ડ મિરરવર્ક લહેંગામાં આધુનિક જમાનાની રાજકુમારી તરીકે શાસન કરે છે. સારા તેંડુલકર ઓર્કિડ અને રોઝ ગોલ્ડ લેહેંગા સેટમાં હાથથી એમ્બ્રોઈડરી કરેલા સિગ્નેચર મહલ




મિરર વર્કથી શણગારવામાં નોંધપાત્ર દેખાવ આપે છે. સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરે નોંધપાત્ર દેખાવ આપવાનું ચાલુ રાખ્યું છે, તેણીની ઉબેર-ચીક વ્યંગાત્મક પસંદગીઓથી હૃદય જીતી રહી છે. બોલિવૂડ અભિનેત્રી ન હોવા છતાં, સારાના અદભૂત કપડાએ તેણીને સાચા ફેશનિસ્ટાનું બિરુદ મેળવ્યું છે અને તે લાયક છે. તેના કેઝ્યુઅલ ચિક પોશાક પહેરે ઉપરાંત, સારાએ લગ્નની ફેશન માટે નવા ધોરણો સ્થાપિત કર્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની તેણીની તાજેતરની મુલાકાત તેણીની દોષરહિત પરંપરાગત વસ્ત્રોની પસંદગીનો પુરાવો છે. રોઝ ગોલ્ડ લેહેંગા સેટમાં ગ્લેમ ગર્લ લગ્નની મહેમાન બની ગઈ.



**સારા તેંડુલકરે ડિઝાઇનર અર્પિતા મહેતાના છાજલીઓમાંથી એક મંત્રમુગ્ધ લેહેંગા સેટ લીધો હતો**

# રાજકારણ સાથે એક્ટિંગમાં પણ અવ્વલ, ડોનાલ્ડ ટ્રમ્પ



૭૮ વર્ષના ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ઈતિહાસ પર પોતાની અમીટ છાપ છોડી છે. ડોનાલ્ડ ટ્રમ્પે એક સફળ બિઝનેસમેન અને એક્ટરથી લઈને રાજકારણમાં પ્રવેશતા પહેલા ઘણી અંગ્રેજી ફિલ્મોમાં કામ કર્યુ છે. આ સાથે તેનમણે ટીવી શો પણ હોસ્ટ કર્યા છે.૧૪ જૂન ૧૯૪૬ના રોજ જન્મેલા ન્યૂોર્કના ક્વીન્સમાં જન્મેલા ડોનાલ્ડ ૨૦૦૪માં રિયાલિટી ટીવી શો 'ધ એપ્રેન્ટિસ' હોસ્ટ કરીને લાઈમલાઈટમાં આવ્યા હતા. આ શૉ બિઝનેસ ટેલેન્ટ પર આધારિત હતો. ટ્રમ્પ આ શૉના કૉ-પ્રોડ્યુસર પણ હતા. અમેરિકન એક્ટરમાંથી રાજકારણી બનેલા ટ્રમ્પે ઘણી ફિલ્મો અને ટેલિવિઝન પ્રોજેક્ટ્સમાં કામ કર્યુ છે. તેમણે બિઝનેસમેન, એક્ટરથી લઈને રાજકારણી બનવા સુધીની સફર ખેડી છે. 'સ્પિન સિટી' એબીસી પર સપ્ટેમ્બર ૧૭, ૧૯૯૬થી ૩૦ એપ્રિલ, ૨૦૦૨ સુધી પ્રસારિત થયું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ આ અમેરિકન સિટકોમ ટેલિવિઝન સીરિઝમાં માઈકલ ફોક્સ સાથે જોવા મળ્યા હતા. રેટિંગમાં ઘટાડો થતાં મે ૨૦૦૨માં ટીવી સીરિઝ રદ કરવામાં આવી હતી.૧૯૯૯માં ટ્રમ્પે 'સેક્સ એન્ડ ધ સિટી'માં કેમિયો કરીને ફેન્સના દિલ જીતી લીધા હતા. આ ફિલ્મ ન્યૂયોર્કમાં રહેતી ચાર મહિલાઓની કહાની હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ કેન્ડેસ બુશનેલની નવલકથા પર આધારિત છે.

# સાણંદ તાલુકાના હરિપુરા ગામના કૃષિકારોને પ્રાકૃતિક કૃષિના પાઠ શીખવતી તાલીમનું આયોજન

## પર્યાવરણ માટે પ્લાસ્ટિક જેવી હાનિકારક વસ્તુઓનો ઉપયોગ ઘટાડી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા ગ્રામજનોને સમજ અપાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

આવનારી પેઢીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પર્યાવરણની ગુણવત્તા જાળવવી ખૂબ જરૂરી છે. જેમાં જમીનને પ્રદુષિત થતી બચાવવા અને ગુણવત્તાયુક્ત ખેતઉત્પાદ મેળવવા માટે પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ મળે તેમ નથી. ત્યારે પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા માટે રાજ્યસરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ, એગ્રિકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) તથા વિવિધ ટ્રસ્ટ અને ફાઉન્ડેશન્સ દ્વારા રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી પ્રત્યે ખેડૂતોમાં જાગૃતતા વધે તે માટે વિવિધ આયોજનો થઈ રહ્યા છે.

અમદાવાદના સાણંદ તાલુકાના હરિપુરા ગામે બૉસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતીની તાલીમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રારંભિક ધોરણે ખેડૂતો કિચન ગાર્ડનમાં ગુણવત્તાયુક્ત



અને રસાયણમુક્ત શાકભાજી કેવી રીતે ઉગાડી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓને ખેતર, વાડો કે ઘર આંગણે વાવી શકાય તેવા શાકભાજીના વાવેતર અને ઉછેરની સમજ આપી, બિયારણનું વિતરણ કરાયું હતું.

હરિપુરા ગામે આ પ્રકારની તાલીમ અને માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન થવાથી ગ્રામજનોએ પણ રાસાયણિક ખેતી છોડી ધીરે-ધીરે પ્રાકૃતિક ખેતીનો ગામમાં વ્યાપ વધારવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ તાલીમમાં ગામની મહિલાઓ પણ સહભાગી થઈ હતી.

# કિંમતી જમીનના ગેરકાયદે હુકમો કરીને સરકારને ચુનો લગાવ્યો

। (એજન્સી) ભુજ, તા.૧૫ ।

સરકારી કિંમતી જમીનના મામલે સરકારને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ પૂર્વ કલેક્ટર સહિત અનેક અધિકારીઓ સામે કાર્યવાહી થયા બાદ વધુ એક જમીન કૌભાંડનો કિસ્સો સામે આવ્યો છે. હવે ભુજના તત્કાલીન નાયબ કલેકટર ડી. જે. જોષી સામે ભુજ, માધાપર, પધ્ધર અને કનૈયાબે સ્થિત આવેલી જમીનનોમાં સરકારના નિયમોને નેવે મુકીને ગેરકાયદે હુકમો કરીને સરકારને રૂપિયા ૭૯,૬૭,૫૫૫નું આર્થિક નૂકશાન પહોચાડવા સબબ ભુજ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

ભુજ ગ્રામ્ય મામલતદાર ભરતકુમાર નવીનચંદ્ર શાહએ ભુજના નિવૃત પ્રાંત અધિકારી નાયબ કલેકટર ડી.જે. જોષી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બનાવ ગત ૨૮ માર્ચ ૨૦૦૭થી ૩૦ એપ્રિલ ૨૦૦૮ દરમિયાન બન્યો હતો.

આરોપીએ પોતાના ફરજ કાળ દરમિયાન માધાપરના અરજદાર રામજી સામજી પીંડોરિયાની માધાપર સીમ સર્વે ૧૦૪૪ અને નવા સીમ સર્વે નંબર ૩૬૫/૧ એકર ૭.૩૦ ગુંઠા જમીન શ્રી સરકાર હોઈ જે જમીન દબાણ નિયમબદ્ધ કરી આપવા જમીન અરજદારને વિના મુલ્ય આપી સરકારને ૨૩,૫૪,૪૦૦નું નુકસાન પહોંચાડયું હતું. તેમજ કનૈયાબે ગામે એશિયા મોટર વર્ક લિમિટેડ કંપની બિનખેડૂત હોવા છતાં અરજદારને ખેતીની જમીન એકર ૨.૦૧ ગુઠા વધારા બાબતે પોતાની પાસે અધિકાર ન હોવા છતાં જમીનના દબાણને નિયમબધ્ધ કરીને અઢી ગણુ પ્રિમયમ લેવાને બદલે રૂપિયા ૮૧,૯૫૦ લઈને સરકારને રૂપિયા ૩૯,૨૬,૬૦૦નું નૂકશાન પહોંચાડયું હતું.

# VST ઝેટર રેન્જના ટ્રેક્ટરોની ગુજરાતમાં લોન્ચ કાર્યક્રમ યોજાયો

## હરિયાળી ક્રાંતિ યુગની આ વિશ્વસનીય બ્રાન્ડે શ્વેત ક્રાંતિનું હૃદયથી આગમન કર્યું

। આણંદ, તા.૧૫ ।

VST Tillers Tractors Ltd અને HTC Investments a.s દ્વારા સંયુક્ત રીતે વિકસિત ટ્રેક્ટરની VST Zetor ટ્રેક્ટરનો શ્રેણીને તાજેતરમાં ગુજરાતમાં રજૂ કરવામાં આવી છે અને એમના પ્રથમ સેટ ને આણંદ જિલ્લાના ખેડૂતોને પહોંચાડવામાં આવ્યો છે. VST Zetor એ આણંદ ખાતે તેના નવા શોરૂમનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. કંપનીના સ્ટેટ હેડ શ્રી મેહુલ શાહ એ ડીલરશીપ મેસર્સ વિશ્વાસ ટ્રેક્ટર્સનું ઉદ્ઘાટન કર્યું અને તેના મૂલ્યવાન ગ્રાહકોને આ સૌથી વધુ રાહ જોવાઈ રહેલા ટ્રેક્ટરો સોંપ્યા. ૫૦૦ થી વધુ ખેડૂતોએ ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી અને ઉત્પાદનોની પ્રશંસા કરી.

મે ૨૦૨૪ માં લોન્ચ થયેલ, VST Zetor ૪૧ થી ૫૦ HP રેન્જમાં ૩ નવીન ટ્રેક્ટર, VST ZETOR ૪૨૧૧, VST ZETOR ૪૫૧૧, અને VST ZETOR ૫૦૧૧ ઓફર કરે છે. આ ઉત્પાદનો ભારતમાં ખેડૂત સમુદાય પાસેથી મૂલ્યવાન ઈનપુટ્સ લીધા પછી VST અને ZETOR દ્વારા સંયુક્ત રીતે ભારતમાં વિકસાવવામાં આવ્યા છે.

"હરિયાળી ક્રાંતિ દરમિયાન ઝેટર ટ્રેક્ટર



ખેડૂતો માટે સૌથી વિશ્વાસુ સાથી હતા. આ સુપ્રસિદ્ધ ટ્રેક્ટર બ્રાન્ડ ગુજરાતમાં ખેત મિકેનાઈઝેશનમાં નવીનતાની નવી લહેર લાવવા માટે VST સાથે ફરી મળી રહી છે. ભારતમાં શ્વેત ક્રાંતિના હાર્દ એવા આણંદ શહેરમાં ટ્રેક્ટરોની VST Zetor રેન્જ લોન્ચ કરીને, કંપનીનો હેતુ ગુજરાતના ખેડૂતોને શક્તિશાળી, કાર્યક્ષમ અને અત્યંત વિશ્વસનીય ટ્રેક્ટર સાથે સશક્ત બનાવવાનો છે. આ ટ્રેક્ટર ચોક્કસપણે ઉત્પાદકતામાં વધારો કરશે, સમય બચાવશે અને રાજ્યના ખેડૂતોને તેમના ખેતરોમાંથી શ્રેષ્ઠ લાભ મેળવવા સક્ષમ બનાવશે" એવું ડીલરશીપના પ્રવક્તાએ સમજાવ્યું હતું.

### મદદ માટે આગળ આવ્યું BCCI

# અંશુમન ગાયકવાડની સારવાર માટે ૧ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય

। નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ભૂતપૂર્વ ક્રિકેટર અને કોચ અંશુમન ગાયકવાડની સારવાર માટે ૧ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે, જેઓ લંડનમાં કેન્સરની સારવાર લઈ રહ્યા છે. બીસીસીઆઈનો આ નિર્ણય પૂર્વ કેપ્ટન કપિલ દેવ અને સંદીપ પાટીલની ભાવનાત્મક અપીલ બાદ આવ્યો છે. જેમણે ક્રિકેટ બોર્ડને ગાયકવાડની મદદ કરવાની વિનંતી કરી હતી. BCCI સેક્રેટરી જય શાહે દેશના ક્રિકેટ બોર્ડને અંશુમન ગાયકવાડની સારવાર માટે ૧ કરોડ રૂપિયા આપવાનો નિર્દેશ આપ્યો છે. ૭૧ વર્ષીય ગાયકવાડ ગયા વર્ષથી લંડનની કિંગ્સ કોલેજ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બીસીસીઆઈએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે જય શાહે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) કેન્સર સામે લડી રહેલા ભૂતપૂર્વ ક્રિકેટર અંશુમન ગાયકવાડને આર્થિક સહાય પુરી પાડવા માટે તાત્કાલિક ધોરણે ૧ કરોડ રૂપિયાની જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે. પૂર્વ ભારતીય કેપ્ટન ડીકે ગાયકવાડના પુત્ર અંશુમન ગાયકવાડની લંડનની કિંગ્સ કોલેજ હોસ્પિટલમાં બ્લડ કેન્સરની સારવાર ચાલી રહી છે.

નિવેદન અનુસાર, શાહે ગાયકવાજના પરિવાર સાથે પણ વાત કરી અને સ્થિતિ વિશે વિગતવાર માહિતી મેળવીને આર્થિક મદદ મેળવી છે. બોર્ડ સંકટના આ સમયમાં ગાયકવાડના પરિવારની સાથે છે અને ગાયકવાડને જલ્દી સ્વસ્થ કરવા માટે જે પણ જરૂરી હશે, તે મદદ કરાશે. નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે બીસીસીઆઈ ગાયકવાડની પ્રોગ્રેસ પર નજર રાખશે અને તેમણે વિશ્વાસ છે કે તેઓ આ મુશ્કેલ સમયમાંથી જલ્દી બહાર નીકળશે. ભારતના ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવે બીસીસીઆઈને પોતાના પૂર્વ સાથે ગાયકવાડ માટે આર્થિક સપોર્ટ આપવા માટે આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તેઓ મોહિંદર અમરનાથ, સુનીલ ગાવસ્કર, સંદીપ પાટિલ, દિલીપ વેંગસરકર, મદદ લાલ, રવિ શાસ્ત્રી અને કીર્તિ આઝાદ જેવા અન્ય ભારતીય મહાન ખેલાડીઓની સાથે પોતાની ટીમના સાથી માટે પૈસા ભેગા કરી રહ્યા છે. ભારતના પૂર્વ ક્રિકેટર સંદીપ પાટિલ પહેલા વ્યક્તિ હતા, જેમણે બીસીસીઆઈને બીમાર ક્રિકેટર માટે આર્થિક સપોર્ટ આપવા આહ્વાન કર્યું હતું.

# ટ્રમ્પ પર ફાયરિંગના કલાકોમાં જ ચીનમાં ફોટો સાથે ટી-શર્ટ વેચાવા લાગ્યા

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૫ ।

દુનિયામાં કોઈ પણ ઘટના બને તેમાંથી ચીનને બિઝનેસની તક મળી જતી હોય છે. અમેરિકામાં ગઈકાલે ભૂતપૂર્વ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ પર ગોળીબારની ઘટના બની તેના કલાકોમાં જ ચીનમાં ટી-શર્ટ વેચાવા લાગ્યા હતા જેના પર ટ્રમ્પ પર ફાયરિંગ થયું તે તસવીર છપાયેલી હતી. તેનો અર્થ એવો થયો કે ટ્રમ્પની લોહી નીગળતી તસવીરો મીડિયામાં આવી કે તરત ચીનમાં તેને પ્રિન્ટ કરીને ટી-શર્ટનું ઉત્પાદન થઈ ગયું અને સ્ટોર્સમાં વેચાવા પણ લાગ્યા. અમેરિકામાં પણ ટ્રમ્પના ટેકેદારો આવા ટી-શર્ટનો ઓર્ડર આપી રહ્યા છે. અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણી અત્યાર સુધી સુસ્ત લાગતી હતી, પરંતુ આ ઘટના પછી તેમાં ભારે ગરમાવો આવી ગયો છે. ટ્રમ્પને ચૂંટણી રેલી દરમિયાન ગોળી મારવામાં આવી છે જેમના જમણા કાનને ઘસરકો મારીને જતી રહી. તેનાથી ટ્રમ્પના કાન પરથી લોહી વહેવા લાગ્યું હતું. ટ્રમ્પને ગોળી મારવાની ઘટના બની તેના માત્ર બે કલાક પછી ચીનની રિટેલર્સ ઓનલાઈન ટી-શર્ટનું વેચાણ કરતા હતા જેના પર ટ્રમ્પને ગોળી વાગી તે સમયની તસવીર છપાયેલી હતી. એક સેલરે કહ્યું કે અમે તાઓબાઓ વેબસાઈટ પર આ ટીશર્ટ વેચવા મૂકી દીધા છે. અમને શુટિંગના અહેવાલ મળ્યા કે તરત ટી-શર્ટ પર કામ શરૂ કરી દીધું હતું. અમને ઢગલાબંધ ઓર્ડર પણ મળી ગયા છે.

# પ્રથમ વખત એકસાથે ૩૭ બ્રિજનું સમારકામ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદમાં ઈતિહાસમાં પ્રથમ વાર એક સાથે ૩૭ બ્રિજનું સમારકામ હાથ ધરવામાં આવનાર છે. ૧૮૯૨ થી અત્યાર સુધીમાં નિર્માણ કરવામાં આવેલા અને જર્જરીત થયેલા બ્રિજને રિપેર કરવામાં આવનાર છે. પૂર્વ વિસ્તારમાં આવેલા બ્રિજનું પ્રાથમિક તબક્કામાં સમારકામ હાથ ધરવામાં આવનાર છે. જેમાં રેલવે અન્ડરપાસ, રેલવે ઓવરબ્રિજ, માઈનોર બ્રિજ, ફલાય ઓવરબ્રિજના સમારકામ હાથ ધરવામાં આવનાર છે. જોઈન્ટ એક્સપાનશન, પેરા પીટ વોલ, રિટેઈનિંગ વોલ સહિતના સમારકામ કરવામાં આવનાર છે. ગિરધરનગર, જમાલપુર, સારંગપુર અને અસારવા સહિતના મહત્વના બ્રિજના સમારકામ શરુ કરવામાં આવનાર છે. અમદાવાદ શહેરમાં કૂલ ૮૮ બ્રિજ આવેલા છે. જેમાં ૬૯ બ્રિજનું નિરીક્ષણ ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવેલ છે.

### બન્યા સૌથી વધુ ફોલો થનારા ગ્લોબલ નેતા

# X પર વડાપ્રધાન મોદીએ બનાવ્યો રેકોર્ડ, ૧૦૦ મિલિયન ફોલોઅર્સ

। નવી દિલ્હી, તા.૧૫ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે મોટી સિદ્ધિ હાસિલ કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ૧૦૦ મિલિયન ફોલોવર્સનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે તે દુનિયામાં એક્સ પર સૌથી વધુ ફોલો કરાતા રાજનેતા બની ગયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં પીએમ મોદીના એક્સ એકાઉન્ટ પર ઝડપથી ફોલોવર્સ વધ્યા છે. માત્ર ત્રણ વર્ષમાં ૩૦ મિલિયન યુઝર્સ પ્રધાનમંત્રી મોદીના એકાઉન્ટથી જોડાયા છે. દેશ જ નહીં, પરંતુ દુનિયાભરના નેતાઓમાંથી એક્સ પર ફોલોવર્સના મામલામાં પીએમ મોદી ખુબ આગળ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન એક્સ પર ૩૮.૧ મિલિયન યુઝર્સ ફોલો કરે છે. તો ભારતની વાત કરીએ તો નેતા વિપક્ષ તથા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની તુલનામાં પણ પીએમ મોદીના ફોલોવર્સ ખુબ વધુ છે. એક્સ પર રાહુલ ગાંધીના ફોલોવર્સની સંખ્યા ૨૬.૪ મિલિયન છે, જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૨૭.૫, સમાજવાદી પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવને ૧૯.૯ મિલિયન યુઝર્સ એક્સ પર ફોલો કરે છે. આ સિવાય પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, તેજસ્વી યાદવ, શરદ



પવાર જેવા નેતાઓના ફોલોવર્સની સંખ્યા દસ મિલિયનથી પણ ઓછી છે. મમતા બેનર્જીના જ્યાં ૭.૪ મિલિયન યુઝર્સ એક્સ પર ફોલો કરે છે તો તેજસ્વીને ૫.૨ મિલિયન અને શરદ પવારને ૨.૯ મિલિયન યુઝર્સ ફોલો કરે છે.

પીએમ મોદીની લોકપ્રિયતામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સતત વધારો થયો છે. ત્યાં સુધી કે એક્સ પર તે ઘણા સેલિબ્રિટીઝથી પણ વધુ ફોલો કરવામાં આવે છે. ક્રિકેટર વિરાટ કોહલી, બ્રાઝીલિયન ફુટબોલર નેમાર, ટેલર સ્વિફ્ટ, લેડી ગાગા જેવા સેલિબ્રિટીઝના પણ એક્સ પર ફોલોવર્સ પીએમ નરેન્દ્ર મોદીથી ઓછા છે. પ્રધાનમંત્રી મોદીએ ૨૦૦૯ માં ટ્વિટર (હવે એક્સ) જોઈન કર્યું હતું અને ત્યારથી તે સતત ટ્વીટ અને રિ-ટ્વીટ્સ સતત કરતા આવે છે.

# યુપી રોડવેઝની બસ પુલની રેલિંગ તોડીને નીચે પડી

। (માહિતી) મુરાદાબાદ, તા.૧૫ ।

યુપી રોડવેઝના મુરાદાબાદ ડેપોની બસ ૩૦ થી વધુ મુસાફરોને લઈને મુરાદાબાદથી દહેરાદૂન જઈ રહી હતી. આ દરમિયાન હરિદ્વાર-દેહરાદૂન હાઈવે પર બસ કાબૂ બહાર ગઈ હતી અને પુલની રેલિંગ તોડીને નીચે પડી હતી. મુસાફરોમાં ચીસો મચી ગઈ હતી અને ઘણા મુસાફરો ઘાયલ થયા હતા. યુપી રોડવેઝની બસ પુલની રેલિંગ તોડીને હરિદ્વાર-દેહરાદૂન હાઈવે પર નીચે પડી હતી. બસ પડતાની સાથે જ સ્થળ પર હોબાળો મચી ગયો હતો અને મોટી સંખ્યામાં મુસાફરો ઘાયલ થયા હતા. ફાયરની ટીમ, સિવિલ પોલીસની ટીમ, સીપીયુની ટીમ વગેરે ઘટના સ્થળે પહોંચી તમામને બચાવી લીધા હતા. તમામ ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ, યુપી રોડવેઝના મુરાદાબાદ ડેપોની બસ ૩૦ થી વધુ મુસાફરોને લઈને મુરાદાબાદથી દેહરાદૂન જઈ રહી હતી. આ દરમિયાન હરિદ્વાર-દેહરાદૂન હાઈવે પર બસ કાબૂ બહાર ગઈ હતી અને પુલની રેલિંગ તોડીને નીચે પડી હતી. મુસાફરોમાં ચીસો મચી ગઈ હતી અને ઘણા મુસાફરો ઘાયલ થયા હતા.માહિતી મળતાં જ ફાયરની ટીમ, સિવિલ પોલીસની ટીમ, સીપીયુની ટીમ વગેરે ઘટનાસ્થળે પહોંચી, તમામ ઘાયલોને બચાવીને જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરો દ્વારા તેમની સારવાર કરવામાં આવી રહી છે.

# અમદાવાદ (ગ્રામ્ય) કોર્ટમાં 'ઉજાસ : એક આશાનું કિરણ' પહેલ દ્વારા છુટાછેડાના આરે પહોંચેલા ત્રણ દંપતીના લગ્નજીવનમાં ફરી ઉજાસ ફેલાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત રાજ્ય કાનૂની સેવા અંતર્ગત ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ તથા એક્ઝિક્યુટિવ ચેરમેન વૈષ્ણવ દ્વારા શરૂ કરાયેલ વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે પ્રિલીટીગેશન લોક અદાલતની પ્રણાલી રાજ્યમાં આવેલ તમામ કોર્ટોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. વર્તમાન સમયમાં ઘણા એવા કિસ્સા જોવા મળે છે કે દાંપત્યજીવનમાં સામાન્ય તકરાર કે તકલીફ થકી છૂટાછેડા સુધી વાત પહોચતી હોય છે અને પતિ-પત્ની એકબીજાથી અલગ થઈને નજીવી બાબતોમાં પોતાનું ઘર ભંગાણ કરતા હોય છે. આ પરિસ્થિતિને અટકાવવા માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા 'ઉજાસ - એક આશાનું કિરણ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા અમદાવાદના જ ત્રણ કેસમાં સકારાત્મક પરિણામ મળ્યા છે. ઘર ભંગાણના આરે પહોંચેલ ત્રણ પરિવારના લગ્નજીવનને બચાવવામાં આવ્યા છે. ઘાટલોડિયામાં રહેતાં પતિ-પત્ની દ્વારા વૈવાહિક તકરારના કારણે અરજી કરવામાં આવી હતી, તેવી જ રીતે ગોતા વિસ્તારમાં રહેતા એક દંપતી દ્વારા ઘર ખર્ચ બાબતે કંકાસ અંગેની ફરિયાદ કરવામાં આવી હતી અને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આવતા કાયમી પ્રિલીટીગેશન લોક અદાલતમાં મૂકેલા ત્રીજા દંપતીના ઘરમાં પતિ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ફરિયાદ પત્ની દ્વારા કરવામાં આવી હતી. આ ત્રણેય કેસના પક્ષકારોને અમદાવાદ ગ્રામ્ય કોર્ટની મીડિયેટરશ્રીની બેન્ચે સાંભળ્યા હતા અને ત્રણેય કેસના બંને પક્ષકારોને સુચારું માર્ગદર્શન આપી પરસ્પર સુખદ સમાધાન કરાવ્યું હતું.

આમ, આ પહેલ હેઠળ વૈવાહિક તકરારનું સુખદ સમાધાન કરાયું હતું સાથે જ પધારેલ બંને તરફના પરિવારજનો અને વડીલોએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટની 'ઉજાસ - એક આશાનું કિરણ' પહેલને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા ન્યાયાલય અને અમદાવાદ ગ્રામ્ય કોર્ટના માર્ગદર્શન હેઠળ પ્રિલીટીગેશનની અમદાવાદ જિલ્લા ખાતે આ સુવિધા તારીખ ૧૯/૦૪/૨૦૨૪થી શરૂ કરવામાં આવી છે. વર્તમાન સમયમાં દંપતી સામાન્ય તકરારમાં તકલીફ પડે તો એકબીજાથી છૂટા થઈ જાય છે. આ પરિસ્થિતિમાં દંપતીને યોગ્ય અને કાયદાકીય રીતે તાલીમ પામેલા મીડિયેટર દ્વારા સમજાવવામાં આવે છે, જેથી તેમના વૈવાહિક સંબંધો અને તેમનું દાંપત્યજીવન ફરીથી શરૂ કરી શકાય છે.

આ લોક અદાલતની આગામી સીટિંગ તારીખ ૨૦/૦૭/૨૦૨૪ના રોજ રાખવામાં આવી છે. જેથી પોતાના વૈવાહિક સંબંધોમાં શાંતિપૂર્ણ સમાધાન લાવવા અને પરિવારમાં આશાની ઉજાસ પ્રજવલિત કરવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય સંકુલ અથવા અમદાવાદ ગ્રામ્ય કોર્ટનો સંપર્ક કરી શકાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

**કર્ક (ડ,હ) :**
આજે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ગર્ભવતી મહિલાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. કેટલાક માટે નવો રોમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વારથીજ વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવ પૂર્વક વળગી રહો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધોમાં મજબૂતી આવશે। જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. તમે પાળી ન શકવાના હો એવું કોઈ વચન આપશો નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો। સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મકર (ખ,જ) :**
આજે તમને વધુ ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે સ્વારથીજ જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે। તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

ન્યૂઝ બ્રિફ

## દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ ૨૨ જુલાઈએ દિલ્હી આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

વિપક્ષના નેતા રાહુલ ગાંધી ૨૨ જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે ૨૨મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી ૨૨ જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે ૨૨મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. ખેડૂત નેતાએ કહ્યું કે સરકાર એવો ભ્રમ ફેલાવી રહી છે કે જો MSP કાયદો ગેરંટી બની જશે તો લાખો કરોડ રૂપિયા ખર્ચ થશે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવીશું કે એક પૈસો પણ ખર્ચવામાં આવશે નહીં. દલ્લેવાલે કહ્યું કે રાહુલ ગાંધી ખેડૂત નેતાઓને મળશે. બેઠકમાં આ મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે કે MSP કાયદાની ગેરંટી પર પૈસા કેવી રીતે ખર્ચવામાં નહીં આવે. મોનસૂન સત્રમાં એમએસપી કાયદાની ગેરંટીની માંગ સ્વીકારવા માટે સરકાર પર દબાણ લાવવાની વાત પણ થશે.

## STF દ્વારા કુખ્યાત ગેંગસ્ટર કાલા ખૈરમપુરિયાની ધરપકડ

। (એજન્સી) હરિયાણા, તા.૧૫ ।

હરિયાણા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે કુખ્યાત ગુનેગાર રાકેશ ઉર્ફે કાલા ખૈરમપુરિયાની ધરપકડ કરી છે, જે અનેક ગુનાહિત કેસોમાં આરોપી છે. ૨૦૨૦ માં પેરોલ પર છૂટ્યા પછી તે કાયદા અમલીકરણ એજન્સીઓથી બચી રહ્યો હતો. માહિતી અનુસાર, તે ૨૦૨૩ની શરૂઆતમાં છેતરપિંડીથી મેળવેલા પાસપોર્ટનો ઉપયોગ કરીને દેશ છોડીને ભાગી ગયો હતો અને વિદેશથી તેની ગુનાહિત ગેંગ ચલાવવાનું શરૂ કર્યું હતું. STF અનુસાર, તે વિદેશની સ્થાનિક ગેંગ સાથે જોડાણ કરીને હિંસક ઘટનાઓને અંજામ આપતો હતો. હિમાંશુ ભાઈ ગેંગ અને નીરજ ફરીદપુરિયા ગેંગ જેવા કુખ્યાત ગુનાહિત જૂથો સાથે તેના સંબંધો હતા. મળતી માહિતી મુજબ ખૈરમપુરિયા થાઈલેન્ડથી ભારત આવ્યો હતો. દરમિયાન, પહેલેથી જ એલર્ટ એસટીએફની ટીમે તેની ધરપકડ કરી હતી.એસટીએફના જણાવ્યા અનુસાર ખૈરમપુરિયા વિરુદ્ધ હરિયાણા અને રાજસ્થાનમાં ૨૦થી વધુ હત્યા અને લૂંટના કેસ નોંધાયેલા છે. હાલમાં STF હરિયાણાની ટીમે તેને એક સપ્તાહના રિમાન્ડ પર લીધો છે. અનેક મામલામાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### પોલીસ હવે આ એંગલથી તપાસ કરી રહી છે

# શું ગોળીબાર કરનારે GTB હોસ્પિટલમાં ઘૂસીને બીજા કોઈની હત્યા કરી નાખી ?

### દિલ્હીની જીટીબી હોસ્પિટલના એક વોર્ડમાં એક શૂટરે ૩૨ વર્ષીય દર્દી રિયાઝુદ્દીનની ગોળી મારીને હત્યા કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હીની જીટીબી હોસ્પિટલના એક વોર્ડમાં એક શૂટરે ૩૨ વર્ષીય દર્દી રિયાઝુદ્દીનની ગોળી મારીને હત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રિયાઝુદ્દીનને ૨૩ જૂને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને પેટમાં ઈન્ફેક્શનની સારવાર ચાલી રહી હતી. તેણે જણાવ્યું કે આ ઘટના હોસ્પિટલના વોર્ડ નંબર ૨૪માં બની હતી. ગોળી વાગવાથી રિયાઝુદ્દીનનું મોત થયું હતું.ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (શાહદરા) સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું કે વોર્ડ નંબર ૨૪માં બનેલી ઘટના અંગે જીટીબી એન્ક્લેવ પોલીસ સ્ટેશનમાં પીસીઆર કોલ આવ્યો હતો. ઘટનાસ્થળે પહોંચીને પોલીસને જાણવા મળ્યું કે રિયાઝુદ્દીન નામનો દર્દી ઘાયલ છે. બાદમાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. સુરેન્દ્ર ચૌધરીના જણાવ્યા અનુસાર, સાંજે લગભગ ૪ વાગ્યે, એક ૧૮ વર્ષીય યુવક વોર્ડમાં આવ્યો અને રિયાઝુદ્દીન પર ગોળી મારી દીધી. ડીસીપીએ કહ્યું કે કેસ નોંધવામાં આવી રહ્યો છે અને ગુનેગારને પકડવા માટે ટીમો બનાવવામાં આવી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો અંગત અદાવતનો હોવાનું જણાય છે.રિયાઝુદ્દીનની જીટીબી હોસ્પિટલમાં જ્યારે જનરલ સર્જરી વોર્ડ નંબર ૨૪માં ડોક્ટરો તેની સારવાર કરી રહ્યા હતા ત્યારે તેની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન એ અનિશ્ચિત મુદતની હડતાળની જાહેરાત કરી હતી. ૧૫મી જુલાઈ ૨૦૨૪થી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ થશે. આરડીએએ જણાવ્યું હતું કે તાજેતરની ઘટનાએ અમારા સમુદાયને ઊંડો હચમચાવી દીધો છે અને લોકોમાં ઘણી આશંકાઓ પેદા કરી છે. જ્યાં સુધી મૂળભૂત સુરક્ષા સુધારાઓ અસરકારક રીતે અમલમાં ન આવે ત્યાં સુધી કટોકટી સેવાઓ કાર્યરત રહેશે. તે જ સમયે, પોલીસ હુમલાખોરને શોધી રહી છે અને ગુનો કરવા પાછળનો હેતુ પણ શોધી રહી છે. કારણ કે મૃતકનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. પોલીસ ખોટી ઓળખના એંગલથી પણ હત્યાની તપાસ કરી રહી છે.

### 3 લાખના ઈનામ સાથે બેની પણ ધરપકડ

# છત્તીસગઢના બીજાપુરમાંથી સાત નક્સલીઓની ધરપકડ

। (એજન્સી) છત્તીસગઢ, તા.૧૫ ।

બીજાપુરમાંથી કરાયેલી ધરપકડો છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવી રહેલી નક્સલ વિરોધી કામગીરીનો એક ભાગ છે. ધરપકડ કરાયેલા સાત નક્સલવાદીઓ કથિત રીતે આ વિસ્તારમાં વિવિધ હિંસક પ્રવૃત્તિઓમાં સામેલ હતા. તેમાંથી બે પર ૩ લાખ રૂપિયાનું ઈનામ પણ હતું, જેઓ હવે સુરક્ષા દળોની કસ્ટડીમાં છે. છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં, તારેમ પોલીસ સ્ટેશન વિસ્તારના છુટવાઈ ગામમાં નદી પાસે પોલીસે એક મહિલા સહિત સાત નક્સલવાદીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા નક્સલવાદીઓમાં તમો ભીમા અને ઉઈકા મંગરી ઉર્ફે જ્યોતિ પણ સામેલ છે, જેમના પર ૩ લાખ રૂપિયાનું ઈનામ હતું.''તમો ભીમા, મહિલા કેડર ઉઇકા મંગરી ઉર્ફે જ્યોતિ અને અન્ય પાંચને પકડવામાં આવ્યા હતા જ્યારે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ, ૨૧- કોબ્રા બટાલિયન, સીઆરપીએફની ૧૫૩ બટાલિયન અને સ્થાનિક પોલીસ નક્સલ વિરોધી કામગીરી માટે નીકળી હતી.'' તે.''ભીમ પ્રતિબંધિત માઓવાદી સંગઠનની પ્લાટૂન નંબર ૯નો સભ્ય હતો અને તેના પર ૨ લાખ રૂપિયાનું ઈનામ હતું. જ્યોતિ પર એક લાખ રૂપિયાનું ઈનામ હતું. તે કોંડાપલ્લી રિવોલ્યુશનરી પાર્ટી કમિટી હેઠળ ક્રાંતિકારી મહિલા આદિવાસી સંગઠન ના પ્રમુખ હતા.આ સાત નક્સલવાદીઓ છુટવાઈમાં સુરક્ષા શિબિર પરના હુમલા અને બીજાપુર જિલ્લામાં લાંબા સમયથી ચાલી રહેલી માઓવાદી હિંસાની અન્ય અનેક ઘટનાઓમાં સામેલ હતા.

### જસ્ટિસ રોહિત આર્ય એપ્રિલ ૨૦૨૪માં જ નિવૃત્ત થયા હતા

# મુનાવર ફારુકીને જામીન આપવાનો ઈન્કાર કરનાર પૂર્વ જજ ભાજપમાં જોડાયા

### નિવૃત્ત જસ્ટિસ રોહિત આર્યએ બીએ, એલએલબી કર્યું છે, તેમણે ૨૯ વર્ષથી હાઈકોર્ટમાં વકીલ તરીકે પણ પ્રેક્ટિસ કરી છે

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૧૫ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ રોહિત આર્ય ભાજપમાં જોડાઈ ગયા છે. ૨૦૨૧ માં, તેણે કથિત રીતે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના કેસમાં કોમેડિયન મુનાવર ફારુકીને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. તેઓ ખૂબ જ પ્રખ્યાત જજ રહી ચૂક્યા છે. તેણે એકવાર એક અધિકારીને કહ્યું, ''તમે પટાવાળા બનવા માટે પણ યોગ્ય નથી.'' મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ રોહિત આર્ય ભાજપમાં જોડાઈ ગયા છે. જસ્ટિસ રોહિત આર્ય એપ્રિલ ૨૦૨૪માં જ નિવૃત્ત થયા હતા. તેઓ એમપી હાઈકોર્ટના સૌથી લોકપ્રિય જજ રહી ચૂક્યા છે. તેણે જ ૨૦૨૧માં સ્ટેન્ડઅપ કોમેડિયન મુનાવર ફારુકીની જામીન અરજી ફગાવી દીધી હતી.વર્ષ ૨૦૨૧માં જસ્ટિસ રોહિત આર્યએ કોમેડિયન મુનાવર ફારુકી અને નલિન યાદવને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના કેસમાં જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. પોતાના આદેશમાં તેમણે કહ્યું હતું કે બંધારણ મુજબ સૌહાર્દ અને ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન આપવું એ દરેક નાગરિકની બંધારણીય ફરજ છે. બાદમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને રદ કરીને મુનાવર ફારુકીને જામીન આપ્યા હતા.એટલું જ નહીં, જસ્ટિસ રોહિત આર્ય પણ પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહ્યા હતા. તેમની બેન્ચની સુનાવણી ખૂબ જ પ્રખ્યાત રહી છે. ગેરકાયદેસર રેતી ખનનના કેસ અંગેની સુનાવણી દરમિયાન તેમણે એકવાર ખાણ વિભાગના નાયબ નિયામકને કામે લગાડ્યા હતા.તેણે કોર્ટમાં ડેપ્યુટી ડાયરેક્ટરને પણ કહી દીધું કે તમે પટાવાળા બનવા માટે યોગ્ય નથી, તમને ઓફિસર કોણે બનાવ્યા? બાદમાં તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.નિવૃત્ત જસ્ટિસ રોહિત આર્યએ બીએ, એલએલબી કર્યું છે. તેમણે ૨૯ વર્ષથી હાઈકોર્ટમાં વકીલ તરીકે પણ પ્રેક્ટિસ કરી છે. તેઓ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે અને ૨૬ માર્ચ, ૨૦૧૫ના રોજ કાયમી ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા.




નવી દિલ્હીમાં NASC કોમ્પ્લેક્સ, પુસા, ભારત રત્ન ડૉ. સી. સુબ્રમણ્યમ કન્વેન્શન સેન્ટર, NASC કોમ્પ્લેક્સ ખાતે ૯૬મા ICAR સ્થાપના દિવસ અને ટેકનોલોજી દિવસની બાજુમાં ICAR સંસ્થા દ્વારા વિકસિત ટેક્નોલોજી અને ઉત્પાદનોના પ્રદર્શનની ઝલક.

### કર્ણાટક સરકાર હવે બસ ભાડામાં વધારો કરી શકે છે

# મહિલાઓને મફત બસ સેવા આપવી મોંઘી થઈ

### ફ્રી સર્વિસનું પરિણામ એ આવ્યું કે કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અથવા KSRTCને રૂ. ૨૯૫ કરોડનું નુકસાન થયું

। (એજન્સી) કર્ણાટક, તા.૧૫ ।




કર્ણાટકમાં મહિલાઓને મફત બસ સેવા આપવી રાજ્ય સરકાર માટે મોંઘી પડી છે. ફ્રી સર્વિસનું પરિણામ એ આવ્યું કે કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અથવા KSRTCને રૂ. ૨૯૫ કરોડનું નુકસાન થયું. હવે કોર્પોરેશને રાજ્ય સરકારને દરખાસ્ત રજૂ કરી બસ ભાડામાં ૧૫-૨૦ ટકાનો વધારો કરવાની માંગ કરી છે. NWKRTCના અધ્યક્ષ અને કોંગ્રેસના ધારાસભ્ય રાજુ કાગેએ આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં મહિલાઓ માટે મફત બસ મુસાફરી પૂરી પાડતી શક્તિ યોજના NWKRTCને નુકસાન પહોંચાડી રહી છે. તુમકુરમાં કેએસઆરટીસીના પ્રમુખ અને કોંગ્રેસના ધારાસભ્ય એસઆર શ્રીનિવાસે કહ્યું કે બોર્ડની બેઠકમાં બસ ભાડું વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એસઆર શ્રીનિવાસે કહ્યું, ''ગઈકાલે અમે એક બોર્ડ મીટિંગ કરી હતી અને તેમાં અમે બસ ભાડું વધારવાની દરખાસ્ત રજૂ કરી હતી અને તેના વિશે સીએમને જાણ કરી હતી.'' તેમણે કહ્યું, ''ડીઝલની કિંમત વધી છે, બસના સ્પેરપાર્ટ્સની કિંમત વધી છે. અમારે કર્મચારીઓનો પગાર પણ વધારવો પડશે. તેમના પગારમાં ૨૦૨૦માં સુધારો કરવાનો હતો, તે કરવામાં આવ્યો નથી. પછી તે તેલ હોય કે સ્પેર. ભાગો, દરેક ''કિંમત વધી છે.''તેમણે કહ્યું, ''બસ એ આવશ્યક સેવા છે, જો ડ્રાઈવર નહીં આવે તો ગામડામાં તે દિવસે બસ સેવા નહીં મળે, જો એવું થશે તો લોકો અમને છોડશે નહીં. હવે શક્તિ યોજના હોવા છતાં, અમારે ૨૯૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. છેલ્લા ૩ મહિનામાં રૂ. કોંગ્રેસના ધારાસભ્યએ કહ્યું, ''અમે બસ ભાડામાં ૧૫-૨૦% વધારાની માંગ કરી રહ્યા છીએ. અમારે જોવું પડશે કે મુખ્યમંત્રી કેટલા ભાડાને મંજૂરી આપે છે. જો તે આમ નહીં કરે તો સંગઠન (KSRTC) ટકી શકશે નહીં. ''NWKRTC અથવા નોર્થ વેસ્ટર્ન કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના અધ્યક્ષ કોંગ્રેસના ધારાસભ્ય રાજુ કાગેએ કહ્યું, ''અમારે બસના ભાડામાં સુધારો કરવો પડશે.

અમે છેલ્લા ૧૦ વર્ષથી ભાડામાં વધારો કર્યો નથી. પછી તે ડીઝલ, પેટ્રોલ, તેલ અથવા ટાયર હોય, કિંમતો તેથી અમે બસ ભાડું વધારવાનું વિચારી રહ્યા છીએ. તેમણે કહ્યું, ''ઉત્તર પશ્ચિમ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ખોટમાં છે, પરંતુ તેમ છતાં અમે તેનું સંચાલન કરી રહ્યા છીએ. શક્તિ યોજનાને કારણે અમે ખોટમાં છીએ, જે પાંચ ગેરંટીમાંથી એક છે, પરંતુ તેમ છતાં સરકાર તેનું સંચાલન કરી રહી છે.''કોંગ્રેસના ધારાસભ્ય અને ઉત્તર પશ્ચિમ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (NWKRTC)ના અધ્યક્ષ રાજુ કાગેએ સ્વીકાર્યું કે પાવર ગેરંટી સ્કીમને કારણે તેમના વિભાગને નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે સરકાર બસ ભાડામાં વધારો કરવાની યોજના બનાવી રહી છે.

# દિલ્હીના IGI એરપોર્ટ પર ખુલી 24×7 દારૂની પહેલી દુકાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દારૂની ખરીદીનો અનુભવ બહેતર બનાવવા માટે, દારૂની દુકાન પર એલઈડી સ્ક્રીન લગાવવામાં આવશે. આના પર દેશના જુદા જુદા ભાગોમાં વેચાતા દારૂનો દર ચાર્ટ મૂકવામાં આવશે, જેથી ગ્રાહકોને દારૂના દરો વચ્ચે તફાવત કરવાની સુવિધા મળી રહે. દારૂની દુકાનમાં હાઈટેક પેમેન્ટ સિસ્ટમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ગ્રાહકો અહીં UPI, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ દ્વારા પેમેન્ટ કરી શકશે. દિલ્હી સરકારે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટના ટર્મિનલ-૩ પર L-10 લિકર શોપનું ઉદ્ઘાટન કર્યું. ઘરેલું મુસાફરો અને એરપોર્ટ કર્મચારીઓને આ દુકાન પર ૨૪૮૭ દારૂ મળશે. દિલ્હીમાં દારૂની દુકાનો સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલે છે, પરંતુ આ દુકાનો ૨૪૮૭ ખુલ્લી રહેશે. આ દુકાન ૭૫૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી છે. અહીં ગ્રાહકો સેલ્ફ સર્વિસનો આનંદ માણી શકશે. અહીં લોકોને ચાલવાનો અનુભવ મળશે, આના દ્વારા ગ્રાહકો પોતાની પસંદગીની બ્રાન્ડનો દારૂ પસંદ કરી શકશે. દારૂની ખરીદીના અનુભવને બહેતર બનાવવા માટે, દારૂની દુકાન પર એલઈડી સ્ક્રીન લગાવવામાં આવશે. તેના પર દેશના જુદા જુદા ભાગોમાં વેચાતા દારૂનો દર ચાર્ટ મૂકવામાં આવશે, જેથી ગ્રાહકોને દારૂના દરો વચ્ચે તફાવત કરવાની સુવિધા મળી રહે. દારૂની દુકાનમાં હાઈટેક પેમેન્ટ સિસ્ટમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રાહકો અહીં UPI, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ દ્વારા પેમેન્ટ કરી શકશે.ટર્મિનલ ૩ પર સ્થિત આ L-10 લિકર શોપ માત્ર હરિયાણા-દિલ્હી સરહદની આસપાસની વસ્તીના મોટા વર્ગની જરૂરિયાતોને જ નહીં પૂરી કરશે, પરંતુ પડોશી રાજ્યોમાંથી બિન-ડ્યુટી પેઈડ દારૂના ગેરકાયદેસર પુરવઠાને રોકવામાં પણ મદદ કરશે.આબકારી વિભાગે દિલ્હી કન્ઝ્યુમર્સ કોઓપરેટિવ હોલસેલ સ્ટોર્સ લિમિટેડ (DCCWS) ને L-10 લિકર શોપ લિકર લાઈસન્સ આપ્યું છે, જે સમગ્ર દિલ્હીમાં લગભગ ૧૪૦ L-6/L-10 દારૂની દુકાનોનું સંચાલન કરે છે.હાલમાં, ટર્મિનલ ૩ના આગમન અને પ્રસ્થાન વિસ્તારોમાં માત્ર ડ્યુટી-ફ્રી દારૂની દુકાનો જ ચાલે છે, જે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય મુસાફરોને પૂરી પાડે છે. આ દુકાનના ઉદ્ઘાટનથી ઘરેલુ મુસાફરો અને એરપોર્ટ કર્મચારીઓને સુવિધા મળશે.

વિશેષ

### મિનિસ્ટ્રી ઓફ પોર્ટ, શિપિંગ અને વોટર વેવ્સના સંયુક્ત સચિવની અધ્યક્ષતામાં ગુજરાતના લોથલ ખાતે

# નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની સમીક્ષા અંગેની બેઠક યોજાઈ

। (માહિતી) અમદાવાદ ।





મિનિસ્ટ્રી ઓફ પોર્ટ, શિપિંગ અને વોટર વેવ્સ સાગર માળા કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના લોથલ ખાતે 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' (NMHC) વિકસાવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ વિશ્વકક્ષાની સુવિધા ધરાવતું એક આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ બનવાનો છે. નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણના અભિગમ દ્વારા પ્રાચીનથી આધુનિક સમય સુધીના ભારતના દરિયાઈ વારસાને પ્રસ્તુત કરાશે.

તાજેતરમાં ગુજરાતના લોથલ ખાતે મિનિસ્ટ્રી ઓફ પોર્ટ, શિપિંગ અને વોટર વેવ્સના સંયુક્ત સચિવ શ્રી ભૂષણ કુમારની અધ્યક્ષતામાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની સમીક્ષા અંગેની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ અમદાવાદમાં સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે કારોબારી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકોમાં MoPSW, MoRTH, MoC, MoD (નેવી અને કોસ્ટ ગાર્ડ), ઈઈજી અને ગુજરાત સરકારના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ની સ્થાપના માટે ગુજરાત સરકારે સરગવાલા ગામમાં ૪૦૦ એકર જમીન ફાળવી છે અને પ્રોજેક્ટ માટે બાહ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ પણ હાથ ધર્યો છે. આમાં, સરગવાલા ગામથી નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ સાઈટ સુધીના ૧.૫ કિમીના રસ્તાની પૂર્ણાહુતિ, ૧૭ કિમી ટ્રાન્સમિશન લાઈનો નાખવા, 66 kV GIS સબસ્ટેશનના સેટઅપ માટે ફન્ડિંગ અને નર્મદા પાણી પુરવઠા તથા સંગ્રહ ટાંકીની જોગવાઈનો સમાવેશ થાય છે.

વધુમાં, આ પ્રોજેક્ટ માટે મૂળભૂત આંતરિક માળખાગત સુવિધાઓના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટના તબક્કા-1A માટેની ભૌતિક પ્રગતિ લગભગ ૫૫ ટકા પૂર્ણ થઈ ગઈ છે. જેમાં તમામ ગેલેરી માટેના ટેન્ડર પેકેજો આપવામાં આવ્યા છે અને તબક્કા-1B માટેના ટેન્ડરો જુલાઈ ૨૦૨૪ સુધીમાં આપવામાં આવે તેવી અપેક્ષા છે. બાકીના તબક્કાઓ માટેની ટેન્ડરિંગ પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. મેરીટાઈમ કોમ્પ્લેક્સમાં વિશ્વના સૌથી ઊંચું લાઈટહાઉસ ધરાવતું મ્યુઝિયમ, વિશ્વની સૌથી મોટી ઓપન એક્વેટિક ગેલેરી અને ભારતનું સૌથી ભવ્ય નેવલ મ્યુઝિયમ હશે, જે તેને એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ બનાવશે. માર્ચ ૨૦૨૨માં શરૂ થયેલા આ પ્રોજેક્ટને આશરે રૂ. ૪૫૦૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે અને તેમાં અનેક નવીન તથા વિશિષ્ટ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં, હડપ્પન આર્કિટેક્ચર અને જીવનશૈલીને પ્રદર્શિત કરવા માટે લોથલ મીની રિક્રિએશન, ચાર થીમ પાર્ક (મેમોરિયલ થીમ પાર્ક, મેરીટાઈમ અને નેવી થીમ પાર્ક, ક્લાઈમેટ થીમ પાર્ક અને એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ થીમ પાર્ક) બનાવાશે. આ સાથે જ હડપ્પન કાળથી વર્તમાન સમય સુધીના ભારતીય દરિયાઈ વારસાને પ્રદર્શિત કરતી ૧૪ ગેલેરી પણ બનાવાશે. વધુમાં, ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વૈવિધ્યસભર દરિયાઈ વારસાને દર્શાવતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ હશે. આ પ્રોજેક્ટથી પ્રવાસન ક્ષેત્રને વેગ મળશે અને રીઝનમાં આર્થિક વિકાસ થશે તેવી અપેક્ષા છે.

ન્યૂઝ બ્રિફ

## નાચનાર ઘોડા પર વરઘોડો કાઢવો છે તો કોંગ્રેસવાળાને બોલાવી દેજો

। (એજન્સી) મહેસાણા, તા.૧૫ ।

તાજેતરમાં લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી અમદાવાદ આવ્યા હતાં. તેમણે કોંગ્રેસ ભવન ખાતે સભાને સંબોધન કરતાં બે પ્રકારના ઘોડાની વાત કરી હતી. તેમના આ નિવેદન પર ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કટાક્ષ કર્યો છે. મહેસાણાના ઐંઝા ટાઉનહોલ ખાતે કાર્યકર્તા આભાર દર્શન કાર્યક્રમમાં નીતિન પટેલે નિવેદન આપ્યું હતું. મહેસાણાના ભાજપના સાંસદ હરિભાઈ પટેલનો જીઆઈડીસી ટાઉનહોલ ખાતે કાર્યકર્તા આભાર દર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્ર નીતિન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સંબોધનમાં રાહુલ ગાંધીના નિવેદન પર કટાક્ષ કર્યો હતો.

## સુરતમાં એક મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

સુરતમાં એક મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો. મહિલા પોતાના રૂટિન ચેક અપ માટે હોસ્પિટલ જઈ રહી હતી. ત્યારે રીક્ષામાં જ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડી. હોસ્પિટલ પંહોચે તે પહેલા જ બાળકનો રિક્ષામાં જન્મ થયો. પ્રાપ્ત વિગત મુજબ સુરત શહેરની એક મહિલા સિવિલ હોસ્પિટલમાં પ્રસૂતિના રૂટિન ચેક અપ માટે જતી હતી. શહેરમાં હજીરાના કવાસ પાટિયા વિસ્તારમાં રહેતી રમીના દેવી પોતાના પતિ સાથે સિવિલ હોસ્પિટલમાં ચેક અપ કરાવા રીક્ષામાં નીકળી હતી. દરમ્યાન રીક્ષામાં જ રમીના દેવી નામની મહિલાની પ્રસૂતિનો દુઃખાવો ઉપડ્યો. હોસ્પિટલ દૂર હતી અને પ્રસૂતિ કરાવવી જરૂરી હતી. દુખાવો વધી જતા રિક્ષા ચાલકે અધવચ્ચે રસ્તામાં જ રિક્ષા ઉભી રાખી અને મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિમંદિરમાં દાદા ભગવાનના દર્શન કર્યા

### ભૂપેન્દ્ર પટેલે પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા






। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોતાના જન્મદિવસના અવસર પર વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન કરવા પહોચ્યાં હતા. જ્યાં દર્શન અને પૂજા-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ત્રિમંદિર પરિસરમાં પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાં ની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેવી દેવતાઓના દર્શન તેમજ શિવ મંદિર માં જલાભિષેક કર્યો હતો.તેમજ મુખ્યમંત્રીએ રાજ્યના સૌના સ્વાસ્થ્ય સુખાકારી સમૃદ્ધિ અને સમગ્ર રાજ્યના સમગ્રતયા અવિરત વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું ઉષ્માપૂર્ણ અભિવાદન પણ ઝીલ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના મત વિસ્તારમાં 'દાદા'ના હુલામણા નામથી ઓળખાય છે.ભૂપેન્દ્ર પટેલ સ્થાનિક રાજકારણમાંથી કોર્પોરેશન અને ત્યાર બાદ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચુંટણીમાં ઘાટલોડિયાના ધારાસભ્ય બનનારા ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૭માં નવા સીએમ છે. ત્યારે આજે મંદિર પરિસરમાં સીએમએ શિવલિંગને જળ પણ ચઢાયું હતુ.

## વડોદરા શહેરના ગાજરાવાડી વિસ્તારમાં બે મિત્રો પર હુમલો

### બે મિત્રો સાથે ઝઘડો કર્યા બાદ પાંચ શખ્સોનો હુમલો

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં બે મિત્રો સાથે ઝઘડો કર્યા બાદ પાંચ શખ્સોએ લોખંડની પાઈપથી હુમલો કર્યો હતો. જ્યારે અન્ય મિત્ર છોડાવવા વચ્ચે પડતા તેને ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. વાડી પોલીસે પાંચ હુમલોખોરને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે. વડોદરા શહેરના ગાજરાવાડી વિસ્તારમાં રહેતા દેવેદ્ર ઉર્ફે દેવો ભાવસીંગભાઈ વણઝારાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે ૧૩ જુલાઈના રોજ હું સાંજના મારા ઘરેથી મારી માસી લીલાબેન વણઝારના નારાયણનગરના ઘરે જવા માટે રીક્ષામાં બેસી મહાનગરના નાકા પાસે ઉતરી ગયો હતો. ત્યારબાદ ત્યાથી ચાલતા જતો હતો. તે વખતે રાત્રીના અગીયારેક વાગ્યાની આસપાસ મારો મિત્ર હસમુખભાઈ જિનુભાઈ વણઝારા સાથે આતીષતથા સના ઠાકોર ઝઘડો કરતા હતા. જેથી મેં વચ્ચે પડી સમજાવતો હતો ત્યારે આતિષ ઠાકોરે તું કેમ અમારા ઝઘડામાં વચ્ચે પડે છે તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. ત્યારે જ રાજ ઠાકોર, હિતેષ તથા રાજ ઠાકોર લોખંડની પાઈપ લઈને આવી ગયા હતા. તેને પાઈપ વડે આતીષ ઠાકોર મારા પર અને સના ઠાકોર પર હુમલો કર્યો હતો. દરમિયાન મિત્ર મંથુરભાઈ કનોજીયા છોડાવવા પડતા તેમને પણ માર માર માર્યો હતો. દરમિયાન ટોળુ ભેગું થઈ જતા તેઓ ભાગ્યા હતા. પરંતુ જતાં જતાં પણ આતીશ ઠાકોર આમને જીવતા જવા દેસો નહી જાનથી મારી નાખો તેવી ધમકી આપતો હતો. જેથી ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં એસ.એસ.જી હોસ્પિટલમા ખસેડાયા હતા. વાડી પોલીસે યુવકની ફરિયાદના આધારે હુમલો કરનાર પાંચ શખ્સોને ઝડપી પાડવાના ચક્રો ગતિમન કર્યા છે.

## ઉમરપાડામાં ૪ કલાકમાં ૧૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો

### સુરતમાં ભારે વરસાદથી જળબંબાકારના દ્રશ્યો સર્જાયાં

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરવાનું શરુ કર્યુ છે. ગુજરાત ઉપર વરસાદની ત્રણ સિસ્ટમ સક્રિય બની છે. જેના પગલે સુરતના ઉપરપાડામાં આભ ફાટ્યા જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. સુરતના ઉમરપાડા મેઘરાજાની ભારે પવન સાથે તોફાની બેટિંગ કરી છે. ૪ કલાકમાં જ ૧૪ ઈંચ જેટલો વરસાદ વરસતા પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.



સુરતના ઉમરપાડામાં ગઈકાલથી અત્યાર સુધીમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદ ખાબકતા નદી નાળા છલકાયા છે. તો મોહન, વીરા, કરજણ નદી નદી બે કાંઠે વહેતી થઈ છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. સવારથી અત્યંત ભારે વરસાદ વરસી રહ્યો છે. અનેક સ્થળોએ લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. તો રસ્તાઓ ઉપર ઘૂંટણ સમા પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના પગલે ઉમરપાડામાં જન જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે. વાહનો પાણીમાં ડુબી ગયા છે. ઉમરપાડાના ગોંડલિયા ગામે પસાર થતી વીરા નદી ગાંડીતૂર બની છે. ગોંડલિયા ગામે વીરા નદીનો લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થયો છે. બ્રિજ પાણીમાં ગરકાવ થતા એક ગામથી બીજા ગામનો સીધો સંપર્ક તુટ્યો છે. વરસેલા ભારે વરસાદને લઈને તંત્ર દોડતું થયું છે.

## ચાંદીપુરા વાયરસથી ગભરાશો નહી આ રોગ નવો નથી ૧૯૬૫માં નોંધાયો હતો પ્રથમ કેસ

### સાવચેતી જરૂરથી રાખો, ૯ મહીનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળે છે

। અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં અત્યારસુધીમાં ચાંદીપુરાના ૧૨ જેટલા શંકાસ્પદ કેસ જોવા મળ્યા છે, જેમાં આ ચાંદીપુરા વાયરસથા ૬ લોકોના મૃત્યુ રાજ્યમાં નોંધાયા છે અને જેમાંથી ૬ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. સાબરકાંઠા જિલ્લામાં ૪, અરવલ્લી જિલ્લામાં ૩, મહીસાગર અને ખેડા જિલ્લામા એક-એક શંકાસ્પદ કેસ જ્યારે રાજસ્થાન ૨ દર્દીઓ અને મધ્યપ્રદેશના એક દર્દીઓ કે જેઓએ ગુજરાતમાં સારવાર મેળવી હોય આમ કુલ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે તમામ ના સેમ્પલ પુના ખાતેની લેબમા પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા છે જેનું પરિણામ સરેરાશ ૧૨ થી ૧૫ દિવસમાં આવે છે પરંતુ સેમ્પલના પરિણામ આવ્યા બાદ જ ચાંદીપુરા રોગના આ કેસ હતા કે નહીં તેની પૃષ્ટિ થશે.

ચાંદીપુરા વાયરલ એનકેફેલાઈટીસ રોગથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. આ કોઈ નવો રોગ નથી. સામાન્ય પણે વરસાદી ઋતુમાં અને તેમાં પણ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતો રોગ છે.

જે વેક્ટર -અસરગ્રસ્ત સેન્ડ ફલાયના (રેત માંખ) કરડવાથી થાય છે અને ખાસ કરીને ૯ મહીનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળે છે. હાઈગ્રેડ તાવ, ઉલ્ટી ઝાડા, માથાનો દુખાવો, અને ખેંચ આવવી એ આ રોગ ના મુખ્ય લક્ષણો છે. આ પ્રકારના લક્ષણો બાળકોમાં જોવા મળે ત્યારે તાત્કાલિક તબીબી સલાહ લેવા મંત્રીશ્રી એ અનુરોધ કર્યો છે.

ચાંદીપુરા રોગ ચેપી નથી પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની પ્રાથમિક તબક્કે જ સૂચના અપાઈ હતી. જેના પરિણામે અત્યારસુધીમાં કુલ ૪૪૮૭ ઘરોમાં કુલ ૧૮૬૪૬ વ્યક્તિઓનું સ્કીનીંગ કરાયું છે.સેન્ડફલાય કંટ્રોલ માટે કુલ ૨૦૯૩ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરાયો છે. રાજ્ય આરોગ્ય વિભાગ અગમચેતીના ભાગરૂપે આ રોગનો ફેલાવો અટકાવવા માટે રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહ્યું છે. મંત્રી શ્રીએ આ ક્ષણે રાજ્યના નાગરિકોને આ રોગથી ગભરાવવા નહીં પરંતુ સાવચેતી જરૂરથી રાખવા જણાવ્યું છે અને પ્રાથમિક લક્ષણો જણાઈ આવે તો નજીકના હોસ્પિટલમાં તપાસ અને સારવાર કરાવવા પણ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મગજના તાવ (સી.એચ.પી.વી.) નો રોગચાળો તાવ ના લક્ષણો સાથે વર્ષ ૧૯૬૫ માં મહારાષ્ટ્ર રાજ્યના ચાંદીપુરા જિલ્લામાં નોંધાયો હતો. ત્યારબાદ આંધ્રપ્રદેશ અને ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં પણ આ રોગચાળો નોંધાયો. આ વાયરસ જીન્સ વેસિક્યુલોવાયરસ કુટુંબને અનુસરે છે.ગુજરાતમાં દર વર્ષે આ રોગના કેસ જોવા મળે છે ખાસ કરીને ઉત્તર-મધ્યગુજરાતના જિલ્લાઓમાં આ રોગના કેસ નોંધાયા છે.

## અમદાવાદ ખાતે શારદાબેન જનરલ હોસ્પિટલમાં વિશ્વ પ્લાસ્ટિક સર્જરી દિવસની ઉજવણી કરાઈ

### શારદાબેન જનરલ હોસ્પિટલમાં ગુજરાતનો સૌથી જૂનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ કાર્યરત




। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

વિશ્વ પ્લાસ્ટિક સર્જરી દિવસની ઉજવણી નિમિત્તે આજે તારીખ ૧૫ જુલાઈ-૨૦૨૪ના રોજ અમદાવાદની શારદાબેન જનરલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ તથા આ પહેલાં સારવાર લઈને સાજા થયેલા દર્દીઓ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ નિમિત્તે વિભાગના વડા ડૉ. નિલેશ ઘેલાણી તથા પ્રાધ્યાપક ડૉ. સંકિત શાહ અને ડૉ.અંકિત શાહ દ્વારા સમાજમાં પ્લાસ્ટિક સર્જરી અંગે જાગૃતિ ફેલાય તેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ હોસ્પિટલમાં નજીકના ટૂંક સમયમાં પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં નવું માઈક્રોસ્કોપ મશીન વસાવવામાં આવશે. જેના ઉપયોગથી સંપૂર્ણ રીતે કપાઈ ગયેલા હાથ-પગ અને આંગળીને ફરી જોડવાના ઓપરેશન શક્ય બનશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલ શારદાબેન જનરલ હોસ્પિટલમાં ગુજરાતનો સૌથી જૂનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ કાર્યરત છે. જેમાં છેલ્લાં ૩૦થી વધુ વર્ષથી જન્મજાત ખોડખાપણ, (હાથ પગની જોડાયેલી આંગળીઓ, ચહેરા ઉપરના અવિકસિત ભાગો, પેશાબના કાણાની તકલીફ) દાઝેલાની સારવાર, હાથ- પગ કે આંગળીઓ પૂરી કપાઈ ગયા હોય, તેવા દર્દીઓની સારવાર, ચહેરા તથા નાકની ઈજા થયેલ દર્દીઓ, તથા સ્નાયુચેતા અને લોહીની નસો જોડવાનું, તથા ડાયાબિટીસ માટે ફિસ્યુલા નિર્માણ, તથા કોસ્મેટિક સર્જરી જેવા ઓપરેશન કરવામાં આવે છે.

### હિંમતનગર સિવિલમાં ૫ બાળકોના મૃત્યુ

## સાબરકાંઠામાં ચાંદીપુરમ વાયરસનો ભારે હાહાકાર

### ચાંદીપુરા વાયરસ ૧૦ વર્ષથી ઓછી વયનાં બાળકોમાં જોવા મળે છે, વાયરસ જીવલેણ છે : યુદ્ધનાં ધોરણે સર્વે

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૫ ।

સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરમ વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જિલ્લામાં આ વાયરસનો આજે આઠમો શંકાસ્પદ કેસ નોંધાયો છે. પોશીના તાલુકાના નાડા ગામના ત્રણ વર્ષિય બાળકમાં તાવ અને બેભાન અવસ્થામાં હોય તેવા લક્ષણો જોવા મળ્યાં છે. બાળકને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં PICUમાં દાખલ કરી દેવાયો છે. પોશીના તાલુકાના નાડા ગામનું ૩ વર્ષીય બાળકને હિંમતનગર સિવિલ હોસ્પીટલમાં દાખલ PICUમાં દાખલ કરીને સારવાર કરવામાં આવી હતી. જે બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨૪ જૂનથી અત્યાર સુધીમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાઈરસના ૮ કેસો નોંધાયા છે. જેમાં ૨ વર્ષથી લઈને ૧૧ વર્ષ સુધીના બાળકોના કેસો આવ્યા હતા. જેમાંથી પાંચ બાળકોના મૃત્યુ થયા છે.વડાલીનાં નવા ચામુંમાં શ્રમિક પરિવારની બાળકીમાં ચાંદીપુરમ વાયરસનાં લક્ષણો જોવા મળતા પરિવારજનો ચિંતાતુર બની જવા પામ્યા હતા. બાળકીને હિંમતનગર હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી છે. આ વધુ એક કેસ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. ચાંદીપુરમ વાયરસનાં લક્ષણો બાબતે હિંમતનગર સિવિલના તબીબે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા બાળકોનાં પરિવારજનોનાં સેમ્પલ લઈ તેને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા વાયરસને પગલે ગુજરાતમાં યુદ્ધનાં ધોરણે સર્વે શરૂ કરવામાં આવ્યો છે. ચાંદીપુરમ વાયરસનાં કેસોમાં દર્દીઓને તાવ આવે, ઉલ્ટી થાય, શ્વાસ લેવામાં તકલીફ પડે તેમજ મગજનો તાવ જેવા લક્ષણો દેખાય છે. પ્રાથમિક તબક્કે આ રોગની ઓળખ કરવી મુશ્કેલ છે.

## 'સ્વચ્છ નિરોગી શરીર' થીમ હેઠળ 'સ્ટોપ ડાયેરિયા' કેમ્પેઇન કાર્યક્રમ યોજાયો

### વજીફા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ જાણ્યું પીવાનું શુદ્ધ પાણી અને સેનિટેશનનું મહત્ત્વ



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વજીફા ગામની પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છ ભારત મિશનના સ્ટાફ દ્વારા 'સ્વચ્છ નિરોગી શરીર' થીમ હેઠળ 'સ્ટોપ ડાયેરિયા' કેમ્પેઇનના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રામ પંચાયત કક્ષાએ પીવાનું સ્વચ્છ પાણી અને સેનિટેશન જાળવી પાણીથી થતા રોગોને નિવારવા માટે ભારત સરકારની મિનિસ્ટ્રી ઑફ જલ શક્તિના ડ્રિંકિંગ વોટર અને સેનિટેશન વિભાગ દ્વારા તા. ૧ જુલાઈ, ૨૦૨૪થી તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન નેશનલ જલ જીવન મિશન અંતર્ગત સ્ટોપ ડાયેરિયા કેમ્પેઇનનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈનનો મુખ્ય હેતુ ડાયેરિયાથી થતાં બાળકોનો મૃત્યુ ઘટાડવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ધોળકાના વજીફા ગામ ખાતેની પ્રાથમિક શાળામાં પીવાનું શુદ્ધ પાણી અને સેનિટેશન દ્વારા પાણીજન્ય રોગો અને ડાયેરિયાને કેવી રીતે અટકાવી શકાય છે, તેની માહિતી આપવામાં આવી હતી. પાંચ વર્ષથી નીચેનાં બાળકોમાં ડાયેરિયા અને પાણીજન્ય રોગો અટકાવવા માટે કેવાં આગોતરાં પગલાં લઈ શકાય, તે માટેની સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વાજીફા ગામમાં લોકોને જાગૃત કરવાનો હતો. ખાસ કરીને ગામનાં બાળકો અને વૃદ્ધોમાં ડાયેરિયાને અટકાવવા માટેનાં સકારાત્મક પગલાં કેવી રીતે લઈ શકાય તેની માહિતી આપવામાં આવી હતી.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨